ॐ ह्रीँ अर्हं नमोनमः

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૪


લેખક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ

સહાયક : મુનિ યોગીરત્નવિજયજી મ.સા.



આવૃત્તિ-અઢારમી ❖ તા.૧-૯-૨૦૧૬

❖ નકલ : ૩૦૦૦ ❖ પૂર્વની નકલ : ૭૨,૫૦૦

કિંમત ₹ ૨-૦૦


### પ્રાપ્તિસ્થાનો

**અમદાવાદ :**

❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫

❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪

❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯

❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

❖ પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬

❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૪ છુટા, દરેકના માત્ર ₹ ૨

જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮

जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग ४-५ प्रत्येक का ₹ ७

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તું પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૩૦,૦૦૦ નકલ છપાઈ**

## ભાગ-૪ની અનુક્રમણિકા


| ક્રમ | મુખ્ય વિષય | પેજ નં. |
|---|---|---|
| (૧) | વિશેષ ધર્મારાધકો | ૧ થી ૩૫ |
| (૨) | સાધાર્મિક ભક્તિ–દાન | ૩૬ થી ૪૬ |
| (૩) | ગુરૂપ્રભાવ | ૪૭ |

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | અપંગની અપાર આરાધના | ૧૪૮ |
| ૨. | "શ્રાવક-શિરોમણી" દલીચંદભાઇનો વિશ્વવિક્રમ | ૧૫૦ |
| ૩. | લાખો ધન્યવાદ એ સાધુ જેવા સુશ્રાવકને | ૧૫૧ |
| ૪. | કાંતિભાઇની તીર્થભક્તિ | ૧૫૨ |
| ૫. | સ્વપ્નમાં પણ દાદાના દર્શન ! | ૧૫૪ |
| ૬. | ધર્મમાં અંતરાયનું પાપ મોટું | ૧૫૫ |
| ૭. | ધંધામાં પણ ધર્મબુદ્ધિ | ૧૫૭ |
| ૮. | દીક્ષાથી જીવન પરિવર્તન | ૧૫૭ |
| ૯. | અમેરીકન સારા કે ભારતીય ? | ૧૫૮ |
| ૧૦. | ધન્ય આરાધકભાવ | ૧૫૮ |
| ૧૧. | હસમુખભાઇના બ્રહ્મચર્ય વગેરે નિયમો | ૧૫૯ |
| ૧૨. | લગ્ન-દિવસે રાત્રિભોજન ત્યાગ | ૧૬૦ |
| ૧૩. | લગ્નપ્રસંગે બધાં પાપ ત્યાગ | ૧૬૧ |
| ૧૪. | ભવ્ય જિનપૂજા અને વિશિષ્ટ તપ-ત્યાગ | ૧૬૧ |
| ૧૫. | લાખો ધન્યવાદ એ મહાન શ્રાવકને | ૧૬૩ |
| ૧૬. | કેવો ધર્મપ્રેમ ?! | ૧૬૪ |
| ૧૭. | તપસ્વીનો જયજયકાર | ૧૬૫ |
| ૧૮. | અચિંત્ય પ્રભાવ ! | ૧૬૬ |
| ૧૯. | ધાર્મિક ભણાવવાની ભક્તિ | ૧૬૮ |
| ૨૦. | ચૈત્યપરિપાટી | ૧૬૮ |

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૨૧. | કસ્તૂરભાઈને જૈનપણાનું ગૌરવ | ૧૬૯ |
| ૨૨. | એન્જીનિયરની આરાધના | ૧૬૯ |
| ૨૩. | સમ્યગ્જ્ઞાનનો જિજ્ઞાસુ | ૧૭૦ |
| ૨૪. | અજૈન કે જૈનો ? | ૧૭૧ |
| ૨૫. | ધર્મ પરભવમાં જરૂર સાથે આવે | ૧૭૨ |
| ૨૬. | સામાયિક રોજ કરનાર | ૧૭૪ |
| ૨૭. | તિથિ પૌષધ | ૧૭૫ |
| ૨૮. | બાલિકા કે સાધિકા | ૧૭૬ |
| ૨૯. | પ્રાર્થનાનો પ્રભાવ | ૧૭૭ |
| ૩૦. | અજૈનની ધર્મશ્રદ્ધા | ૧૭૮ |
| ૩૧. | મામલતદારનું જૈનત્વ | ૧૭૮ |
| ૩૨. | સુપ્રીમ સાધના | ૧૭૯ |
| ૩૩. | દાન સાથે ધર્મની પ્રેરણા | ૧૮૧ |
| ૩૪. | ધર્મરાગ | ૧૮૩ |
| ૩૫. | ઘેટીની પાગે ભક્તિ | ૧૮૪ |
| ૩૬. | સાધર્મિકને સાચા ભાઇ રૂપે જોનાર | ૧૮૫ |
| ૩૭. | સાચી ઝંખના ફળી | ૧૮૬ |
| ૩૮. | આપત્તિમાં ધર્મ વધાર્યો! | ૧૮૬ |
| ૩૯. | દાનપ્રેમ | ૧૮૬ |
| ૪૦. | સાધર્મિકભક્તિ | ૧૮૭ |
| ૪૧. | સાધર્મિકભક્તિ | ૧૮૭ |
| ૪૨. | વિશિષ્ટ સાધર્મિકભક્તિ | ૧૮૮ |
| ૪૩. | ધનની સફળતા | ૧૮૮ |
| ૪૪. | અજબ ગજબ આરાધના | ૧૮૯ |
| ૪૫. | પ્રવચનથી સાધર્મિકો માટે કરોડો | ૧૯૦ |
| ૪૬. | માકુભાઈની ઉદારતા | ૧૯૧ |
| ૪૭. | ગચ્છાધિપતિશ્રીનો કેવો પ્રભાવ ? | ૧૯૧ |

# જૈન આદર્શ પ્રસંગો

# ભાગ - ૪

## ૧. અપંગની અપાર આરાધના

મયણાબહેનના ખરેખર દર્શન કરવા જેવા છે. બારામતી (મહારાષ્ટ્ર)માં રહે છે. આજે ઉંમર ૨૫ વર્ષ છે. વિલાસભાઇ દીપચંદના સુપુત્રી છે. ઘણો પૈસો છે. ખાનદાન કુટંબ છે. આટલા બધા પુણ્યોદય વચ્ચે પણ પૂર્વે બાંધેલા કોઇ વિચિત્ર કર્મને કારણે અસામાન્ય દુઃખો ભોગવી રહ્યાં છે. મોઢું યુવાન કન્યા જેવું સપ્રમાણ પણ બાકીનું શરીર માત્ર ૨-૨॥ ફૂટનું. હાથ ખૂબ નાના. સ્વયં ચાલી ન શકે ! વધારે બેસી ન શકે. ઘણી વાર સૂતા જ રહેવુ પડે. થોડે દૂર પણ જવું હોય તો નાના ટેણિયાની જેમ દડીને, આળોટીને. વધારે દૂર જવું હોય તો કોઇ ઉપાડીને મૂકવા આવે તો જઇ શકે. ઘણી બધી પરવશતા. આટલી બધી મુશ્કેલીઓ હોવા છતાં રોજ અષ્ટપ્રકારી પૂજા કરે છે !! જો કે બીજા કોઇ ઉઠાવીને દેરાસરે મૂકી જાય ત્યારે પૂજા થઇ શકે. આના કરતાં પણ અનેકગણું અનુમોદનીય એ છે કે ધર્મનો અભ્યાસ ઘણો ઘણો કર્યો છે !! હે પુણ્યવાનો! ધ્યાન દઇને વાંચો. પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચાર પ્રકરણ,ત્રણ ભાષ્ય, સંસ્કૃત, પ્રાકૃત, તત્ત્વાર્થસૂત્ર આદિ ઘણું બધું એ ભણી ગયા છે ! આજના ઘણા આરાધક શ્રાવકોએ આ વાંચી ધડો લેવા જેવો છે. ઉદ્યમ કરો તો પૂજા, અભ્યાસ વગેરે તમે પણ જરુર કરી શકો. આગળ વધુ જાણવું છે ? ટી.વી. અને સીનેમા જોતા નથી. આજે બીજા બધાં મનોરંજનો માણવા છતાં લોકોને ટી.વી. વિના ચેન પડતું નથી. જ્યારે આ ધર્મદૃઢ શ્રાવિકા આટલા બધા દુઃખો છતાં પણ ટી.વી.

ને પણ ઇચ્છતા નથી. બીજા આવા દુઃખી જીવો તો કદાચ ૧૦,૧૨ કલાક ટી.વી. વગેરે જોઇને પોતાના દુઃખો ઓછા કરતા હશે. તેમને પ્રેમાળ પિતાએ દીકરીના આનંદ માટે બેબી ગાડી લાવી આપી છે. છતાં તેમને ફરવા જવાની ઇચ્છા થતી નથી. કેવા અંતર્મુખ! એમની શેષ પ્રવૃત્તિઓ પણ જાણવા જેવી છે. સંસ્કૃત પ્રતો વાંચવી, બાળકોને પ્રતિક્રમણના સૂત્રો શીખવવા, વાંચવું વગેરે.

ગામમાં સાધુ મહારાજ ચોમાસુ હતા તે વર્ષે ચારે મહિના સાધ્વીના ઉપાશ્રયમાં રહ્યાં ! બેસણા કર્યા. રોજ સામાયિક, સ્વાધ્યાય આદિ શુભ પ્રવૃત્તિઓ કર્યા કરે.

જિનશાસન એ ભાવથી પામ્યા છે તો ઘણી આપત્તિઓ છતાં દુઃખી, હતાશ નથી બન્યા. ઉપરથી ધર્મ પ્રવૃત્તિઓથી જીવનને મઘમઘતા બાગ જેવું સુવાસિત કર્યું છે. જીનવચનોથી સંસાર અને કર્મની વિચિત્રતાઓ ઓળખી લઇ મસ્તીથી જીવન સફળ કરે છે ! જે આત્મામાં ભાવ ધર્મ આવે તે સદા સુખી હોય એ જ્ઞાનીની વાતોનું આ જીવતું જાગતું દ્રષ્ટાંત છે. ઘણી બધી અનુકૂળતા છતાં તમે સુખી છો ?

સાધુ, સાધ્વીને જોઇ એ ગદ્‌ગદ્ બની જાય છે. કહે છે કે આપ અનંત પુણ્યના સ્વામી છો. દુર્લભ ચારિત્રને પામી સાધના કરો છો? ઇચ્છા છતાં હું તો લઇ શકતી નથી. આપનુ શીઘ્ર કલ્યાણ થાઓ.

હે પુણ્યશાળી સુશ્રાવકો! તમને બધાને પણ દિલથી આ તમારી બહેન બે શબ્દો કહેવા ઇચ્છે છે. સાંભળશો? એ કહે છે, " મારા પ્રિય સાધર્મિકો ! અનંત પુણ્યોદયે તમને હાથ, પગ, આદિ બધું મળ્યું છે. અષ્ટપ્રકારી પૂજા, ધર્માભ્યાસ, સંયમી અને

સાધર્મિકની ભક્તિ, તપ આદિ ધર્મ ખૂબ કરો. કદાચ ભવાંતરમાં કોઇ પાપોદયે મારી જેમ પરાધીન બનશો તો ઇચ્છા કરશો તો પણ નહીં કરી શકો.''

## ૨. "શ્રાવક-શિરોમણી" દલીચંદભાઇનો વિશ્વવિક્રમ

**આ શ્રાદ્ધરત્નને મેળવી ગામના યુવાનો સહિત ઘણા જૈનો ખુશખુશાલ છે !** ઘણા સાધુ પણ એમની ધર્મચર્યા જાણી તેમની શતમુખે પ્રશંસા કર્યા વિના રહી શકતા નથી ! એમની અનેકવિધ આરાધના જાણવી છે ? ૪૦ વર્ષથી ધંધાનો ત્યાગ, ચંપલ ત્યાગ. ૪૫ વર્ષ પૂર્વે ૧૨ વ્રત લીધા.**રોજ રાત્રે ૧૧ વાગ્યાથી સળંગ ૮ સામાયિક (કેટલા ? આઠ) કરી પદ્માસનમાં ભગવાનનું ધ્યાન કરે છે! રોજના ૧૫ સામાયિક (વાંચો છો ?) કરવાનો નિયમ છે !!! કુલ સામાયિક ૨ લાખ ઉપર** અત્યાર સુધી કર્યાં છે (તમે એટલી નવકારવાળી પણ ગણી છે ?) પર્યુષણમાં અને દર ચૌદશે અવશ્ય પૌષધ કરે છે. **૨ હજાર ઉપર પૌષધ થઇ ગયા!** દેરાસર અને જ્ઞાનભંડાર ઘેર રાખ્યા છે. ૭ લાખથી વધુ રૂપિયા ધર્મમાં વાપર્યા છે. **૫૦ વર્ષથી દેરાસરનું ધ્યાન રાખે છે!** ૧૦ અઠ્ઠાઇ, ૨૫ વર્ષીતપ, સ્વસ્તિક તપ આદિ થઇ કુલ **૬૦૦૦ જેટલા ઉપવાસ.** હજારો આયંબિલ, એકાસણાં કર્યાં છે! **રોજ ૫૦ બાંધી નવકારવાળી ગણે છે! પાંચ ક્રોડથી વધુ નવકારથી નશ્વર દેહને પવિત્ર કર્યો છે.** શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન આદિનો બીજો ઘણો જાપ કર્યો છે. ઉપધાન, છ'રી પાલિત સંઘ, ૧૪ નિયમ ધારવા આદિ ઘણી બધી આરાધના કરનારા આ વિશિષ્ટ આરાધકને **શ્રી સંઘે** તા. ૮-૧૦-૯૪ એ **'શ્રાવક શિરોમણિ' નું બિરૂદ ઉલ્લાસથી અર્પણ કર્યું છે!** ટી.વી., સિનેમા, હોટલના

પાપનો સંપૂર્ણ ત્યાગ છે. સકલસંઘપ્રિય આ સુશ્રાવકની મહાપુણ્યથી **ગામને મળેલ ભેટની કથા પણ રોમાંચક છે.** જન્મ થયો ત્યારે ન રડતા, ન હાલતા એમને ગામલોકો મૃત જાણી દાટવા જતા હતા. પણ રસ્તામાં વિધવા માસીએ અટકાવી ઘરે લઇ જઇ રૂમાં લપેટી તપાવતાં હાલવા માંડ્યો. જન્મ સમયે અતિ ઠંડીથી ઠરી ગયેલ જીવિત આ બાળકને **ગામના કોઈ મહાપુણ્યે માસી મારફતે જિનશાસનને ધરી દીધો!** સ્થળ-સંકોચને કારણે બધી આરાધના હું જણાવી શકતો નથી. દેશ-વિદેશના લાખોના માનનીય ૮૫ વર્ષના **આ ધર્મસપૂતને અત્યારે વાંચતા વાંચતા જ અંજલીબદ્ધ પ્રણામ કરી** હે ધર્મપ્રિય વાંચકો! તમે બધા પણ અત્યારે જ યથાશક્તિ આવી થોડી-ઘણી આરાધના આજથી જ કરવાનો સંકલ્પ કરી સાચી અનુમોદના દ્વારા એમણે આરાધનાથી ઉપાર્જેલા પુણ્યના સ્વામી બનો એ અંતરની અભિલાષા. આ અને આવા પ્રેરક પ્રસંગો વાંચી તમે કેટલી આરાધના વધારી તે મને જણાવી મારો આ પ્રયાસ સફળ થયો એની ખાત્રી કરાવશો? ઉપરાંત તમારી આરાધનાની અનુમોદના કરવાની મને પણ તક મળે. આવી પ્રેરક આરાધનાના આધારભૂત પ્રસંગો વિગતવાર લખી જણાવશો. જેથી અવસરે બીજા ઘણા પણ એમની અનુમોદના કરી નિર્જરા, સદ્‌ગતિ ને શિવગતિ પામે.

## ૩. લાખો ધન્યવાદ એ સાધુ જેવા સુશ્રાવકને

એ પુણ્યશાળીનું નામ પણ કેવું પવિત્ર! નામ એમનું **વીરચંદ ગોવિંદજી**. એમની **વિશિષ્ટ આરાધનાઓ** કહું? જાણવી છે? ખૂબ ધ્યાનથી વાંચોઃ

૧. દરરોજ બે પ્રતિક્રમણ અને આઠ (રીપીટ આઠ) સામાયિક.
૨. રોજ લગભગ એકાસણું.
૩. ત્રણ લીલોતરી સિવાય બધી જ લીલોતરીનો ત્યાગ.

૪. વરસાદ પડતો હોય તો પ્રાયઃ વરસાદમાં બહાર ન જાય!

૫. કાળવેળાએ ખુલ્લામાં જાય તો સાધુની જેમ કામળી ઓઢીને જાય!

૬. પૂજા માટે સ્નાન ખુલ્લામાં કરે.

૭. સંડાસ-બાથરૂમ સાધુની જેમ બહાર ખુલ્લામાં જાય.

**સાધુની જેમ ઘણા બધા પાપો ગૃહસ્થ વેશમાં પણ છોડનાર આવા સાધકો આ કાળમાં ગણ્યા-ગાંઠ્યા હશે.** લગભગ દશ વર્ષ પહેલાં દેવલોક પામેલ આ શ્રાવક બારડોલી પાઠશાળાના શિક્ષક હતા. તમે બધા પણ આ શ્રેષ્ઠ સાધકની દિલથી અનુમોદના કરી યથાશક્તિ ધર્મ-આરાધના કરો એ જ શુભેચ્છા. નિત્ય સામાયિક, પાંચ તિથિ લીલોતરી ત્યાગ, સ્નાન માટે ઓછું પાણી વાપરવું વગેરે યથાશક્તિ સંકલ્પ અને પ્રતિજ્ઞા આજથી જ કરી આ વાંચનને સફળ કરો. **આ ધર્માત્માને આરાધકોમાં પ્રથમ સ્થાને મૂકી શકાય.** આમની જેમ યથાશક્તિ આરાધના કરો તો સાચી અનુમોદનાને કારણે એમના જેવું પુણ્ય પણ મળે.

## ૪. કાંતિભાઇની તીર્થભક્તિ

**સુશ્રાવક કાન્તિભાઈ મણિભાઈ**થી ઘણા બધા પરિચિત છે. **શ્રી હસ્તગિરિજી તીર્થના ઉદ્ધારમાં તેમણે તન, મન, ધન, જીવન ન્યોચ્છાવર કરી દીધા છે!** સુકલકડી આ એક શ્રાવક સાહસથી કેવી અનોખી સિદ્ધિ પામી શકે છે, એનું સાક્ષાત્ દર્શન આજે હસ્તગિરિ તીર્થમાં થાય છે. એક નાનું દેરાસર પણ કોઇ એકલાને બાંધવામાં કેટલી બધી મુશ્કેલીઓ નડે છે એ આપણને ખબર છે.જ્યારે કાંતિભાઈએ ઊંચા પર્વત ઉપર શૂન્યમાંથી એક ભવ્ય તીર્થ નિર્માણમાં કેટલો બધો ભોગ આપ્યો હશે?

આ શ્રાદ્ધરત્ન આ તીર્થને શ્રેષ્ઠ ને પવિત્ર બનાવવા અવિધિ-આશાતનાઓ ન થાય તે માટે જાતે ત્યાં રહી બધી તપાસ

રાખતા! ઓળીના આયંબિલ જાળિયા ગામમાં ઝુંપડીમાં જાતે રસોઇ બનાવી આ કરોડપતિ શ્રાવકે કર્યા છે!

સંયમ મૂર્તિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય માનતુંગસૂરીશ્વરજી મ. સા. ની હસ્તગિરિજીના ઉદ્ધારની ભાવના જાણી આ સુશ્રાવકે તે અતિ **ભગીરથ સત્કાર્ય ભવ્ય રીતે સાકાર કરવાનું બીડું ઝડપી લીધું.** પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. આદિ અનેક પૂજ્યોની કૃપાથી અને પોતાની સર્વશક્તિથી આ શ્રેષ્ઠ કાર્ય ખૂબ સુંદર રીતે પાર પાડ્યું. અને ઊંચા પર્વતના શિખર પર ૭૨ જિનાલયનું ભવ્ય દેવાલય ખડું કરી દીધું!

આવા અતિ પવિત્રહૃદયી શાસનરાગીએ ઉછળતાં નિર્મળ ભાવોથી શાસ્ત્રીય વિધિપૂર્વક નિર્માણ કરેલા **આ ભવ્ય હસ્તગિરિ તીર્થની** આપણે શાંતચિત્તે વિધિપૂર્વક શુભ આશયથી **વારંવાર યાત્રા કરવી જ જોઇએ** જેનાથી આપણા અનાદિ અનંત અશુભ ભાવોનો મૂળથી નાશ થઇ સમ્યક્ત્વ, સર્વવિરતિ અને શીઘ્ર શિવરમણી આપણને અવશ્ય મળશે.

જીવ માત્ર પ્રત્યે તેમનો મૈત્રીભાવ પણ ખૂબ જ અનુમોદનીય છે. ઉપકાર બુદ્ધિથી નોકરીમાં રાખેલ માણસે **લાખેક રૂપિયા જેટલી ચોરી કરી.** ધમકાવવાને બદલે કાન્તિભાઇએ સંવત્સરીએ સૌ પ્રથમ ક્ષમાપના-પત્રિકા તેને લખી! બીજા કોઇ પગલા નહિ, દંડ નહીં. **પોતાનું માથું ફોડવા આવનારને પાલીતાણા ચોમાસું કરવા** પ્રેમથી બોલાવી કેટલીક વ્યવસ્થા સોંપી પોતાના મૈત્રી ભાવને ખૂબ દ્રઢ કર્યો.

પોતાની ૨ સુપુત્રીના લગ્ન પ્રસંગે નિમંત્રી સુંદર આગતાસ્વાગતા કરી. જાળિયાના માથાભારે માણસોનું તીર્થવિરોધીપણું કુનેહથી મિટાવી દીધું. આ કાંતિભાઇના સાદગી, નમ્રતા, નિખાલસતા વગેરે અનેક ગુણો અનુમોદનીય હતા. મોઢા

પર પણ અભિમાન અને મોટાઈનો છાંટોય જોવા ન મળે! મૂળ પાટણના આ ઝવેરી શ્રેષ્ઠીએ **પાલિતાણામાં મુક્તિ નિલય ધર્મશાળા અને અમારી-વિહાર બંધાવ્યા.** ચોમાસું, નવ્વાણું યાત્રા અને તીર્થોની યાત્રા એમણે અનેકને ઉદારતા પૂર્વક કરાવી છે.

આજના વિલાસ પ્રધાન કાળમાં ગણ્યા-ગાંઠ્યા ભાવ શ્રાવકો પૈકીના એક સુશ્રાવકને આપણાં ભાવપૂર્વક પ્રણામ. એમના શ્રેષ્ઠ ધર્મ કાર્યોની ભાવપૂર્વક અનુમોદના કરી તમે પણ તીર્થયાત્રા, તીર્થનિર્માણ આદિ આરાધના યથાશક્તિ કરો એ જ શુભાશિષ.

## ૫. સ્વપ્રમાં પણ દાદાના દર્શન !

**પાલીતાણાના શેઠ કુટુંબના આ ધર્મરાગી ભાગ્યશાળીને સ્વપ્રમાં પણ શાશ્વત તીર્થાધિપતિ શ્રી આદિનાથજી અને ભમતીના અવારનવાર દર્શન થાય છે!** એમણે હૈયામાં દાદાને પધરાવી અંતરને કેવું ઉજળું બનાવી દીધું કે દિવસે આદિનાથમય બનેલા એ શ્રાદ્ધરત્નના પવિત્ર દિલમાં રાત્રે પણ દાદા વાસ કરે! ઘણાંને સ્વપ્ના ભૂતનાં ને ભયનાં આવે છે. કારણ દિવસે એ સ્વયં ભૂત બની ભૂત જેવા કામો કરવામાંથી ઊંચા જ આવતા નથી. જ્યારે આમને આદિનાથજીના સ્વપ્ના આવે છે. કારણ જાણવું છે? વારંવાર આ વાંચો-આ શ્રાદ્ધરત્ને શ્રી શંત્રુજય ગિરિરાજની **૯૯ યાત્રા ૪૬ વખત કરી છે!** (તમે દર વર્ષે ઓછામાં ઓછી ૧ પણ કરી છે?) ચોમાસામાં શ્રી તળેટીની ૯૯ યાત્રા ૪૪ વાર કરી છે! ભારતના અનેક તીર્થોની પણ એમણે યાત્રા કરી છે.

એમની પગપાળા તીર્થયાત્રાઓ=મહુવાથી અંજાર, (વાયા ઉના, દીવ, દેલવાડા) પાલીતાણાથી તળાજા, પાલીતાણાથી ગીરનાર, મુંબઈથી શત્રુંજય. એમનું પવિત્ર નામ છે. **રતિલાલ જીવરાજ શેઠ. ઉ. વ. ૭૧ પાલીતાણા નગરના શેઠ**

**કુટુંબના એમણે પોતાના સ્નેહીસ્વજનોને પણ પ્રેરણા કરી ૯૯ યાત્રા કરાવી છે.** નવપદજીની ઓળી સળંગ ૨૦ વર્ષથી કરે છે. ૨ વખત ઉપધાન કર્યાં છે. ભગવાનના વરઘોડામાં વિશિષ્ટ વસ્ત્રો પરિધાન કરી લાલ લીલી ધજા સાથે સંકેત કરવા અવશ્ય હાજર રહે! ગામમાં લોકો એમને 'રાજા' તરીકે ઓળખે છે.

## ૬. ધર્મમાં અંતરાયનું પાપ મોટું

**થોડા વર્ષો પહેલાં બનેલી આ સત્ય ઘટના** આપણને આનંદ, આશ્ચર્ય આદિ અનેક ભાવો પેદા કરે તેવી છે. અમદાવાદ શહેરમાં એ છોકરી ખૂબ ધર્મી કુટુંબમાં જન્મ પામવાનું જબ્બર પુણ્ય લાવેલી. આપણે એને ભવ્યા તરીકે સંબોધીએ. દાદા વગેરેએ દીક્ષા લીધેલી. ઘરનાં સંસ્કારોથી પૂર્વજન્મમાં સાધના કરેલ **ભવ્યાને બાળપણથી ધર્મ ગમતો.** ૧૧ વર્ષની ઉંમરે ઉપધાન કર્યા! પૂજા, ચોવિહાર, તપ વગેરે નિત્ય આરાધના સાથે નૃત્ય-ગીત વગેરે અદ્‌ભૂત કળામાં હોંશિયાર હતી. દીક્ષાની ભાવના થઈ. તેની બા પણ ધર્મી. બંને સાથે દીક્ષા લઈશું એવી એમની ભાવના. છતાં કોઈ વિચિત્ર કર્મસંયોગે ૧૯ વર્ષે તેને લગ્ન કરવા પડ્યા. ભવ્યા ખરેખર ધર્મરાગી કે **લગ્ન પછી પણ** યુવાન વય છતાં અમન-ચમન કરવાને બદલે **ચોવિહાર વગેરે ઘણી આરાધના ચાલુ રાખી!** પતિ અભ્યાસ કરતો હતો. એમની ખાનગી વાતો છોડી દઈએ. પણ પાપોદયે ૨૩ વર્ષની ભરયુવાન વયે ભવ્યા પરલોકમાં સાધના કરવા ઉપડી ગઈ. ડોક્ટરના રીપોર્ટ પ્રમાણે તે બ્રહ્મચારી જ રહી હતી. એને કોઈએ ઝેર આપ્યું હશે. જે બન્યું હોય તે. પણ જ્ઞાનીઓના વચનો પ્રમાણે ભવ્યાએ સાચા ભાવથી કરેલો **ધર્મ જરૂર તેના આત્માને વહેલા મોડા મોક્ષમાર્ગની ઉચ્ચ સાધના કરાવી શિવસુખ મેળવી આપશે.**

આ પ્રસંગ વાંચી જૈનોએ ખૂબ વિચારવા જેવું છે. સૌ

પ્રથમ તો ધર્મ ગમતો હોવા છતાં મોહ વગેરે કારણે, તમે સગાં-સ્નેહીઓને ધર્મ **આરાધનાનો વિલંબ કે નિષેધ કરો તો એમાં તમારૂં તો અહિત જરૂર થાય છે.** વળી એના ભાવ પડી જાય તો આરાધનાથી એ આત્મા પણ વંચિત રહે અને અંતર નિર્મળ રહે તો તેનું તો કલ્યાણ થાય જ.

વળી આજના સ્વચ્છંદ સમાજમાં ઘણાં બધા અનિચ્છનીય આચાર, દોષો તમારા પત્ની, પુત્રો વગેરે સેવે છે તે તમે ચલાવી લો છો. અને હજારોમાં એકાદ **સાધક જીવ નાનો ધર્મ કરે તેમાં પથરા નાંખો તે જૈન એવા તમને શોભે?** એથી બંધાયેલ પાપ ભયંકર દુઃખો તો કદાચ આપશે પણ અનેકાનેક ભવ ધર્મ પણ નહીં મળે તે તમને પસંદ છે? તેથી દ્રઢ નિશ્ચય કરો કે ધર્મ કરતાં કોઈને પણ રોકવો નહીં. ઉપરથી ધર્મની પ્રેરણા કરવી.

બીજું આ સુશ્રાવિકા તો ખૂબ આરાધક ધર્મી છે. મને કહ્યું,"આપને ઠીક લાગે તો નામ વગેરે બધું છાપજો. **બીજાઓને તો મારી જેમ ભૂલ કરી પસ્તાવો કરવો નહીં પડે...**" છતાં કોઈ કષાયવશ નિંદાનું પાપ ન કરે માટે નામ છાપ્યું નથી. દાનપ્રેમી બીજા એક ભાઈના પ્રસંગ અહીં લેવા હતા. પણ કેટલાક કારણે તેમણે ના પાડી તેથી છોડી દીધા. જ્યારે આ ધર્મી શ્રાવિકા નામ સાથે છાપવાનું કહે છે!

કોલેજ ભણતરના આજના વાયરા વિષે એક આધુનિક ચિંતકે કટાક્ષ કરતાં કહ્યું છેઃ

બી.એ. કિયા, નોકર હુએ, પેન્શન મિલા ફિર મર ગયે!

સંસારનો અંજામ ભયંકર દુઃખો. ધર્મના ફળમાં સર્વત્ર સુખ.

તેથી તમે ને તમારા સ્વજનો ધર્મ કરો ને શાશ્વત સુખ પામો એ શુભેચ્છા.

## ૭. ધંધામાં પણ ધર્મબુદ્ધિ

શેફાલીના પ્રવિણભાઈ આજીવિકા માટે કેટરીંગનો ધંધો કરવો પડતો હોવા છતાં કેટલાક સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરે છે. રસોઈનો લાખો રૂપિયાનો ઓર્ડર સામે આવે તો પણ **કંદમૂળનો ઉપયોગ કરવાનો હોય તો ઘસીને ના પાડી દે છે!** પોતાના ગુરૂદેવને વંદન કરવા વર્ષોથી અચૂક જાય છે. **ઘેર ગુરૂદેવના પગલા કરાવવા ચોથા વ્રતનો યાવજ્જીવનો નિયમ લીધો!**

## ૮. દીક્ષાથી જીવન પરિવર્તન

ઝીંઝુવાડા ગુજરાતનું સંસ્કારી ગામ છે. પ. પૂ. આ. ભ. શ્રી દાનસૂરીજી મ. સા., પ. પૂ. આ. ભ. શ્રી ઓમકારસૂરીજી મ. સા. વિગેરે ઘણા ધર્મી રત્નોની શાસનને આ ગામે ભેટ ધરી છે. આ ધર્મનગરી ઝીંઝુવાડામાં કાંતિભાઈ રહેતા હતા. રોજ ૫૦-૫૫ બીડી પીવે. રાત્રિ ભોજન ચાલુ, બીડી રાત્રે પણ પીવે. તેમના ભત્રીજા (હાલ પ.પૂ.આ.શ્રી યશોવિજયસૂરીજી મ.સા.) ની દીક્ષા થઈ ત્યારે એમને સ્વયં મનોરથ થયો કે ભત્રીજો દીક્ષા લે અને હું આવા પાપ કરું? ન શોભે. **દીક્ષા વખતે જ આજન્મ બીડી-ત્યાગ તથા રાત્રિભોજન-ત્યાગની ખૂબ કઠિન પ્રતિજ્ઞા લીધી!** માનવને વ્યસન પડ્યા પછી બીડી વિગેરે વધતા જાય. તેનો ત્યાગ કરવો ખૂબ કઠિન પડે. અરે ! થોડી સંખ્યા ઘટાડવા માટે મ.સા. પ્રેરણા કરે તો પણ તેને મુશ્કેલ લાગે. જ્યારે **આ સત્ત્વશાળીએ આવો ઘોર નિયમ લઈ અણીશુદ્ધ પાળ્યો!**

પૂર્વે દીક્ષા સાંભળી ગામ-પરગામના ઘણાં દીક્ષા લેતાં. શાસ્ત્રોમાં ઘણાં પ્રસંગો સાંભળવા મળે છે. આજે પણ કેટલાય સગાસ્નેહી દીક્ષા પ્રસંગે વિશેષ નિયમો લે છે. હે ભવ્યાત્માઓ ! તમે જૈન છો. તમે પણ સગા-સ્વજન વિગેરેના દીક્ષાપ્રસંગે, મળેલ દુર્લભ મનને જ્ઞાનથી ભાવિત કરી, સત્ત્વ ફોરવી ઉલ્લાસથી શક્ય

વ્રત-નિયમો સ્વીકારી આત્મહિત સાધો. સંસારપ્રેમીઓ બીજાના ટી.વી. વિગેરે જોઇ પાપ-વ્યાપારો વધારે છે. તમે જૈન છો. તમારે અન્યની દીક્ષા વિગેરે જોઇ, જાણી ધર્મ-આરાધના અવશ્ય વધારવી જોઇએ. અને દીક્ષાર્થી, દીક્ષાગુરૂ આદિ કોઇની પણ નિંદા, તિરસ્કાર, દ્વેષ આદિ કરવાનું ભયંકર પાપ ભૂલથી પણ ન થાય તે સાવચેતી તો બધાએ રાખવી જ જોઇએ.

## ૯. અમેરીકન સારા કે ભારતીય ?

**અમેરીકામાં ૨૫ વર્ષથી રહેતા ડોક્ટર નરેન્દ્રભાઇ મૂળ અમદાવાદના છે.** અમેરીકામાં કેન્સર સ્પેશીયાલીસ્ટ છે. છતાં ધર્મના પ્રેમી છે. દર વર્ષે પાલીતાણા યાત્રા કરવા આવે છે. **તેમના ધર્મ પત્ની હંસાબેનને તેમની પ્રેરણાથી થોડો ધર્મ કરતાં ધર્મનો અચિંત્ય મહિમા સમજાયો !** તેઓ વર્ષમાં ૧-૨ વાર અમદાવાદ આવી વ્યાખ્યાનશ્રવણ, ધર્મઅભ્યાસ તથા વાંચન કરે છે. આ વર્ષે પાલીતાણા ચોમાસુ કરવાની ભાવના હંસાબેનને થઇ છે. **ડો. નરેન્દ્રભાઇ સહર્ષ સંમતી આપતાં કહે છેઃ 'તું જેટલો કરવો હોય તેટલો ધર્મ કર !...'** હંસાબેન અમદાવાદમાં ધરણીધર પાસે રોકાઇ પંડિત રાખી ધર્મ-અભ્યાસ વગેરે શ્રદ્ધાથી ને જિજ્ઞાસાથી કરે છે ! હે અમદાવાદ-મુંબઇ-વાસી સુશ્રાવક-સુશ્રાવિકાઓ ! આ વાંચી તમે પણ વ્યાખ્યાનશ્રવણ, તત્ત્વ-અભ્યાસ, ધર્મ કરવાની કુટુંબીઓને હસતાં રજા, ધર્મવાંચન વગેરે યથાશક્તિ કરવાનો સંકલ્પ કરી આ દુર્લભ માનવજન્મને સફળ કરશો ?

## ૧૦. ધન્ય આરાધક ભાવ

પૂનાના રામલાલભાઇ ધર્મપ્રેમી છે. ૧. રોજ સવારે ૨-રાા કલાક ખૂબ સુંદર પૂજાભક્તિ કરે ! અને સાંજે દર્શન કરતાં **પ્રભુ આગળ સ્તુતિઓ ૫,૧૦,૧૫ મિનિટ** ભાવપૂર્વક **બોલ્યા જ**

**કરે !** ૨. ઓફિસે પણ ધાર્મિક ગોખે, **વાંચે!** ફાલતુ વાતો, ગપ્પા ન મારે ! ૩. દર વર્ષે ખર્ચ ઉપરાંતની **બધી આવક ધર્મક્ષેત્રોમાં વાપરી નાંખે !** પ્રાયઃ રોજ વ્યાખ્યાનશ્રવણ, પ્રતિક્રમણમાં પ્રભાવના વગેરે ઘણી ઘણી આરાધના કરે છે. ધાર્મિક વાંચન, દાન વગેરે તેમના જેવા ગુણો તમારામાં લાવવા સંકલ્પ ને પુરૂષાર્થ કરવા જેવો છે.

## ૧૧. હસમુખભાઇના બ્રહ્મચર્ય વગેરે નિયમો

હસમુખભાઇનાં યુવાન સગર્ભા **ધર્મપત્નીને ટેબલ પરથી પડી જવાથી વાગ્યું.** ડૉક્ટરે તપાસી કહ્યું કે શરીરમાં ઝેર થઇ ગયું છે. ઑપરેશન કરવું પડશે. જન્મનાર બાળક અથવા જન્મ આપનાર બેમાંથી એક જ બચે તેમ છે. હસમુખભાઇએ કહી દીધું કે ''મારે ઑપરેશન કરાવવું નથી.''

વિચાર કરતાં **સંકલ્પ કર્યો કે શ્રાવિકાને સારુ થઇ જાય માટે ૮૧ આયંબિલ કરવાં અને ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવું ! લગ્નને માત્ર ૨ વર્ષ થયેલાં.** છતાં આવા ઘોર સંકલ્પને પ્રભાવે થોડીવારમાં **તેમને સ્ફૂરણા થઇ કે અમુક ડૉક્ટરને બતાવવું.** તે પ્રમાણે બતાવ્યું. તે કહે,''ચિંતા ન કરો. ટાઇફોઇડ છે. સારું થઇ જશે.'' દવા આપી. તાવ ગયો. **સબાળ શ્રાવિકા બચી ગયાં !** ઓપરેશન પણ કરાવવું ન પડ્યું. **આયંબિલ કરવાનો મહાવરો નહીં,** આયંબિલ કરવામાં તકલીફ પડે, તેથી ૩ **વર્ષમાં પણ ૮૧ આયંબિલ પૂરાં ન થયાં. તેથી ભાવના વધારી પત્નીની સંમતિથી જીવનભરનું બ્રહ્મચર્ય લઇ લીધું !**

હસમુખભાઇએ **આવનારી પુત્રવધૂ સાથે શરત કરી કે ઉકાળેલું પાણી પીવું પડશે અને નવકારશી, ચોવિહાર કરવા પડશે !** શરતનો સ્વીકાર થયા પછી જ લગ્ન થયાં. **દીકરીના સાસરે પણ કહ્યું કે લગ્ન પછી મારી દિકરી નવકારશી, ચોવિહાર**

**કરશે અને ઉકાળેલું પાણી પીશે.** દીકરીનાં સાસરિયાં કબૂલ થયાં પછી જ લગ્ન થયાં. આજે **હસમુખભાઈના ઘરનાં બધાં** અને તેમની દીકરી **આ ત્રણેય કઠિન નિયમોનું પાલન કરે છે !**

આચારપ્રેમ કેવો જબરજસ્ત ! ઘરનાં બધાએ આટલું કરવું જ પડશે. સૌ નિયમમાં ખૂબ મક્કમ રહે. વિના કારણે મામૂલી મુશ્કેલીમાં અભક્ષ્ય-અનંતકાયભક્ષણ ને રાત્રિભોજન કરનાર બધાં જૈનોએ આ વાંચી હિંમત કેળવી **નરકદાયી રાત્રિભોજન** આદિ ભયંકર પાપોથી જરૂર બચવા જેવું છે. **આપણે ઊંચા કૂળમાં જન્મ્યા છીએ. તો ઊંચા કૂળના આચારવિચાર ઊંચા જ હોય ને ? સિંહ ઘાસ ખાય ? જૈન રાત્રિભોજન કરે ?**

## ૧૨. લગ્ન-દિવસે રાત્રિભોજન ત્યાગ

એક અનોખા લગ્ન-ઉત્સવની વાત ધ્યાનથી વાંચો. **છોકરા-છોકરીના પિતાઓએ નક્કી કર્યું કે આપણે રાત્રિભોજન ન કરાવવું. છોકરીવાળા** લગ્ન પછી **સાંજે જમાઈને** ઘણા બધા સાથે **જમાડવાના હતા.** પતિપત્ની લગ્ન પછી પ.પૂ. આ.ભ.ને વંદન કરવા ગયાં. ટ્રાફિક વગેરેને કારણે પાછા આવતાં ઘણું **મોડું થઈ ગયું.** સૂર્યાસ્તની ૫ મિનિટની વાર હતી. **છોકરીના બાપ મૂંઝવણમાં પડ્યા કે જમાડવાની ના પાડીએ ને જમાઈને વાંધો પડશે તો** મારી દીકરીને જિંદગીભર હેરાન કરશે. હવે શું કરવું ? પણ પતિપત્ની જેવાં ભોજનમંડપમાં આવ્યાં કે તરત **દીકરાના બાપે બૂમ મારી કે સૂર્યાસ્તની તૈયારી છે. રસોડું બંધ કરો !** છોકરીના બાપની મૂંઝવણ ટળી ગઈ. રાત્રિભોજનના પાપથી બધા બચી ગયાં. **લગ્નના દિવસે પણ બધાને રાત્રિભોજનના પાપથી આવા ધર્મપ્રેમી નરબંકાઓ બચાવે છે !** તો હે જૈનો ! તમે પણ મન દૃઢ કરો તો નરકદાયી આ રાત્રિભોજનના પાપથી અવશ્ય બચી શકો.

## ૧૩. લગ્નપ્રસંગે બધાં પાપ ત્યાગ

પરણતા એક યુવાનની પાપભીરુતાને તમે હાથ જોડીને વાંચો. **લગ્ન-પ્રસંગે પિતાજી વગેરે સમક્ષ દૃઢતાથી રાત્રિભોજન, બરફ, અભક્ષ્ય વગેરે બધાની આ યુવાને સ્પષ્ટ મના કરી.** તેથી લગ્નભોજન પણ બપોરે રાખ્યું. પાણી ઠંડુ કરવા તેણે જમીનમાં ખાડા ખોદાવી કાળી માટીની નવ કોઠીઓ મુકાવી. ઠંડું પાણી ભરાવી ૭ દિવસ રાખ્યું. રોજ એ પાણી ગળાવે. લગ્ન પ્રસંગે બરફ વિનાનું પણ ફ્રીજ જેવું આ ઠંડું પાણી પી બધાંને આશ્ચર્ય થયું. **સત્કાર-સમારંભ વગેરે** બધું આ પાપભયવાળા યુવાને **દિવસે રખાવેલું, પણ વિદાય મુહૂર્ત રાત્રે જ હતું. અને લોકરિવાજ પ્રમાણે ત્યારે રાત્રે બધાને ચા પીવડાવવી પડે. યુવાને પિતાને સ્પષ્ટ ના પાડી દીધી.** છતાં લોકલાજે પિતા આ પાપ ના કરે માટે યુવાને **મિત્રોને યોજના ખાનગીમાં સમજાવી દીધી.** વિદાય સમયે ટ્રેમાં ચા લાવતાં **દૂરથી જોઇ મિત્રોએ ત્યાં પહોંચી બધી ચા જપ્ત કરી ઢોળાવી નંખાવી !** પરણતા યુવાનની ભાવના પણ કેવી ઉત્તમ ! તમે પણ મન મક્કમ કરી ખોટા કે નાના બહાનાથી અભક્ષ્ય કે ભયંકર પાપોથી બચો અને અન્યને બચાવો એ જ મનોકામના.

## ૧૪. ભવ્ય જિનપૂજા અને વિશિષ્ટ તપ-ત્યાગ

ઘાટકોપરના **અમરીશભાઈના તપ અને ત્યાગના વિશિષ્ટ પરિણામ ખૂબ અનુમોદનીય છે.** આજે તેમની ઉંમર માત્ર ૩૬ વર્ષની છે. ૨ વર્ષ પહેલાં **દિવસમાં કુલ માત્ર ૭ દ્રવ્ય અને એક ટંકે ચારથી વધુ ન વાપરવાનું જાવજ્જીવ માટે પચ્ચક્ખાણ લીધું !** છતાં પરિણામ એટલા બધા ત્યાગના કે સવારના માત્ર ૨ થી ૩ અને સાંજના લગભગ ૩ દ્રવ્ય જ જમે ! તેમની ફેક્ટરી ઘરથી લગભગ ૧૨૫ કિ.મી. દૂર પાલઘર એમને રોજ જવાનું. ઘેરથી

ટીફીન લઈને નીકળીને દિવસમાં ૨ જ વખત વાપરે. નવકારશી, ચોવિહાર કરવાનાં. તેથી બંને ભોજન ટ્રેઈનમાં જ કરવાં પડે. રવિવારે બેસણું કરે. બહારની બધી વસ્તુઓનો ત્યાગ છે. **ચોવિહારનો આજીવન નિયમ છે.**

**મહિનામાં ૬ ઉપવાસ કરે !** ચૌદસના ૨ તથા બીજા ૪. ઘણા ખરા ઉપવાસ ચોવિહાર જ કરે. **કાચી ૩ વિગઈઓનો જિંદગીભર ત્યાગ છે.**

અમરીશભાઈ અષ્ટપ્રકારી જિનપૂજા રોજ ખૂબ ભાવથી કરે છે. આટલી દોડાદોડ છતાં **રોજ લગભગ ૧ કલાક જેટલો સમય ભક્તિપૂર્ણ હૃદયે પૂજા કરે.** અને સોના-ચાંદીના વરખની રોજ **આંગી કરે.** નૈવદ્ય-ફળ વગેરે **બધાં દ્રવ્યો ભક્તિમાં ઊંચી જાતના, મોટા, શ્રેષ્ઠ જ વાપરવાનાં.** ધૂપ પણ સુંગધી ને સારો વાપરવાનો. દર **શનિવારે અને રજાના દિવસે તો છ-સાત કલાક સુધી આંગી વગેરે ખૂબ ભાવથી કરે !** વિશેષમાં આંગી પૂરી ન થાય ત્યાં સુધી બધું ખાવા કે પીવાનું બંધ ! આખા **મુંબઈમાં ક્યાંક પણ સાલગીરી નિમિત્તે** તેમને આંગી માટે સંઘ બોલાવે તો ધંધો છોડી હોંશથી દોડી જાય અને ખૂબ સુંદર આંગી ૪-૬ કલાક સુધી કરે. સાથે પોતાના સોનાના વરખ વગેરે સામગ્રી લઈ જાય. કોઈ સંઘમાં **સામગ્રી ઓછી હોય તો પોતાની વાપરે !** ભાવના ઊંચી કે મારું દ્રવ્ય જિનભક્તિમાં જેટલું વધારે વપરાય તેટલું સારું.

**ભગવાનની સ્તવના કરવામાં ભાન ભૂલી જાય.** કંઠ સારો છે. સાંભળનારને પણ ભાવ આવી જાય ! ચૈત્યવંદન વગેરેમાં ભાવવિભોર થઈ જાય. ચૌદશ શુક્ર કે રવિવારના આવે ત્યારે **છઠ્ઠ કરવો પડે તો પણ અવશ્ય કરે** અને તે પણ ખૂબ પ્રસન્નતાથી.

અમરીશભાઈની **સરળતા વગેરે ખૂબ અનુમોદનીય છે.** પરિચયમાં આવનારા સર્વના હૃદયમાં તેમનું વિશિષ્ટ સ્થાન છે.

મોક્ષ શીઘ્ર પામવાની લગની ભારે. સાધુસાધ્વીની ભક્તિ કરવા કાયમ દોડે. **સાધાર્મિકોની ભક્તિ પણ ખૂબ ભાવથી કરે !**

## ૧૫. લાખો ધન્યવાદ એ મહાન શ્રાવકને

**વીરચંદભાઈ બારડોલીવાળાની અનેક આરાધનાઓ બે હાથ જોડી આદરથી વાંચો :**

૩૦ વર્ષની ભરયુવાન વયે આજીવન **બ્રહ્મચર્યવ્રત** સ્વીકાર્યું !

**કાચા પાણીને** અડવાનું પણ નહિ !!

કાળવેળાએ પોસાતીની જેમ ખુલ્લામાં **કામળી ઓઢીને જ** જાય !!!

૪-૪- મહિને **લોચ** કરાવતા !!!!

**દરરોજ** ૧૦ સામાયિકનું **દેસાવગાસિક** અને ૫ તિથિ **પૌષધ** કરતા !!!!!

ચોમાસામાં ગામ બહાર જતા નહીં ! **દરરોજ સાધર્મિક ભક્તિ કરતાં !** ગમે તે મહેમાન આવે પણ ઘરમાં **સૂર્યાસ્ત પછી પાણી પણ ન આપે !** કેળા સિવાયની **બધી લીલોતરીનો ત્યાગ** કરેલો.

શાસનપ્રભાવક **પ.પૂ. આ.ભ.** શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.નાં **વ્યાખ્યાનથી અનીતિના ધનના ત્યાગનો** અભિગ્રહ કર્યો અને તેથી જ ઈન્સ્પેક્ટરના હોદ્દાવાળી સારી નોકરી છોડી દઈ **પાઠશાળાના અધ્યાપક બન્યા !** પૂ. શ્રીના પરિચયથી **પ્રવજ્યાનો દૃઢ ભાવ** પેદા થઈ ગયો. પરંતુ એ મળી નહિ. તેથી એ ન લેવાય ત્યાં સુધી ઘીનો મૂળથી ત્યાગ કર્યો ! દરરોજ **ત્રિકાળ જિનપૂજા** કરતા !

**તપ પણ ખૂબ કર્યા** - ૨ વર્ષીતપ, ૨ ચોમાસી તપ, ૩ ઉપધાન, સિદ્ધગિરિમાં આયંબિલ સહિત ચોમાસું, પોષ દશમી વગેરે ઘણા તપ કરતાં. વર્ધમાન તપનો પાયો નાંખી સતત

ઓળીઓ કરતાં. પાલીતાણામાં **૨ માસ મૌન પાળ્યું !** ૯૭મી ઓળીમાં અશક્તિ ખૂબ વધવા છતાં ગ્લુકોઝના બાટલા લેવાની ના પાડી દીધી. આયંબિલ કાયમ પુરિમઢ્ઢે કરતા ! માત્ર **૩ દ્રવ્ય વાપરે.** પછીથી તો ત્રણે ભેગા કરી વાપરતાં. ૧૩ વર્ષ પૂર્વ ૪૭માં આયંબિલે નવકારવાળી ગણતા સદ્‌ગતિને સાધી ગયા. તેમની અદ્વિતિય આરાધનાથી અહોભાવપૂર્વક સંઘે અનુકંપા-દાન સહિત **પાલખી કાઢવા પૂર્વક સ્મશાનયાત્રા કાઢેલી.**

એમની અનોખી આરાધના અને ખૂબ ઊંચા અધ્યવસાયથી **આ જીવ ચોથા આરાનો હોય તેવું આપણને લાગે.** જીવદયા અને માત્ર આરાધનાના જ પરિણામ, પાપનો પડછાયો પણ ન લેવો. આ બધું આપણા માટે તો અશક્ય લાગે છે. આપણે સાચા ભાવથી એમને સાદર પ્રણામ કરવા દ્વારા આવી આરાધનાની શક્તિ અને ભાવ પ્રભુ આપણને જલ્દી આપે એ જ એક માત્ર મનોરથ કરીએ અને આંશિક પણ શક્ય આરાધના કરીએ એ જ મનોકામના.

## ૧૬. કેવો ધર્મપ્રેમ ?!

અનેક ધર્માત્માઓના કારણે **ખંભાત** ધર્મપુરી તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં પ.પૂ.આ.ભ. શ્રી **મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ.સા.** ૨૩ વર્ષ પૂર્વે પધારેલાં. ખંભાતનો ૧૭ વર્ષનો યુવાન શાંતિ પાછલા ભવનો સાધક જીવ હતો. **વ્યાખ્યાન સાંભળી** ભાવ એવા ઉલ્લસિત થઈ ગયા કે **બીજા જ દિવસથી રાત્રિભોજનત્યાગ અને કંદમૂળત્યાગનો નિયમ તો કર્યો પણ ઉકાળેલું પાણી પણ પીવાનું શરૂ કરી દીધું !** આચારમાં એટલી દઢતા કે **૨૩ વર્ષથી આ ત્રણે આરાધના ચાલુ જ છે ! ચોવિહારમાં ખૂબ મક્કમ.** તેથી ઘણી વાર **નોકરી પણ છોડી દીધી છે.** સૂર્યાસ્ત પહેલાં જમવા નોકરીના સ્થળથી નીકળે, છતાં કોઈ મુશ્કેલીના કારણે સૂર્યાસ્ત

રસ્તામાં થઈ જાય તો રસ્તામાં જ ચોવિહાર કરી લે ! **મુંબઈમાં** ઘણે દૂર નોકરી હોય. તેથી **ચોવિહાર કરવામાં અગવડ ખૂબ પડે. તેથી મોહમયી મુંબઈને સલામ કરી** ગુજરાતમાં રહેવા આવી ગયા ! હવે તો ધર્મપુણ્યથી શેઠ ખૂબ સારા મળી ગયા છે. **શેઠે ચોવિહાર માટે સાંજે રોજ વહેલાં જવાની રજા આપી દીધી છે !**

આ વર્ષે તો **વર્ષીતપ ઉપાડ્યો છે. શ્રાવિકા પણ ધર્મપ્રેમી મળ્યા છે.** બંને પોતાના **બાળકને** પણ ખૂબ **ધાર્મિક સંસ્કારો** આપે છે. ત્રણે ઉકાળેલું પાણી જ પીવે છે ! શાંતિભાઈને ધર્મક્રિયાની **વિધિ પ્રત્યે** પણ ખૂબ **રાગ છે !** આવા જીવ આસન્ન-ભવ્ય હોઈ શકે છે. વળી શાંતિભાઈ **રોજ ત્રિકાળ પૂજા** કરે છે ! **બંને પ્રતિક્રમણ** ઉપરાંત **એક સામાયિક** પણ કરે છે ! હે ભવ્યો ! **તમે** પણ શાંતિભાઈના જીવનમાંથી એટલી પ્રેરણા તો અવશ્ય લો જ કે મારે પણ દૃઢપણે **કાયમ ચોવિહાર કરવો** જ. એમ નરકમાં ધકેલી દેનાર રાત્રિભોજનના પાપને તિલાંજલી આપી દો. વળી ૧૭ વર્ષનો કિશોર કાયમ ઉકાળેલું પાણી પી શકતો હોય તો તમારે માટે શું એ અશક્ય છે ? તમને ઘણાંને તો નિવૃત્તિ, પ્રૌઢ વય, ધંધાની માલિકી વગેરે ઘણી **અનુકૂળ સામગ્રી મહા પુણ્યે મળી છે.** તેથી **ચોવિહાર કરવો તમારે માટે સહેલો** છે. તો પુણ્યનો સદુપયોગ કરી સદ્‌ગતિ ભવોભવ મેળવો એ જ શુભેચ્છા.

## ૧૭. તપસ્વીનો જયજયકાર

ખડકી **(પૂના)ના ચંદ્રાબહેન** બાબુલાલ સંઘવીએ જીવનમાં **ઘણી બધી આરાધના** કરી છે. હે ધર્મીજનો, તમે ધ્યાનથી વાંચતા અનુમોદના કરતાં કરતાં, યથાશક્તિ આરાધના આ જન્મમાં કરવાની પ્રેરણા મેળવી જન્મને સફળ કરો. એમની મુખ્ય આરાધનાઓ નીચે મુજબ છે

- ૪ માસી, અઢીમાસી, દોઢમાસી, માસક્ષમણ-૨,૧૬ ઉપવાસ વગેરે
- શ્રેણિતપ, સિદ્ધિતપ, કંઠાભરણ તપ, ચત્તારી-અઠ્ઠતપ,
- વર્ષીતપ : ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમથી એક એક.
- શ્રી મહાવીર સ્વામીના છઠ્ઠ-૨૨૯, શ્રી પાર્શ્વનાથજીના અઠ્ઠમ ૧૦૮, બીજા ૧૦૦૦ થી વધુ અઠ્ઠમ.
- વીસ સ્થાનકની ઓળી : ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમથી એક એક
- ક્ષીરસમુદ્ર, સમવસરણ, સિંહાસન, મોક્ષદંડક વગેરે તપ.
- ધર્મચક્ર, શત્રુંજય તપ, અક્ષયનિધિતપ વગેરે અનેક
- વર્ધમાન આયંબિલ તપની ઓળી ૧૦૧
- સળંગ આયંબિલ એક વાર ૮૨૫, બીજી વાર ૫૦૦
- અઠ્ઠાઈ ૧૫૦, છઠ્ઠ-૨૦૦, ૨૪ ભગવાનનાં એકાસણાં-૧૨ વાર. ઉપરાંતમાં આયંબિલથી ઉપધાન, શત્રુંજયની નવ્વાણુ, છ મહિનાના છ'રી પાલક સંઘમાં યાત્રા, નવ લાખ નવકાર વગેરે ઘણી આરાધના કરી છે.

ધન્ય છે આવા તપ પરિણતિવાળા આત્માઓને !

જિંદગીભર ન થાય તો પણ અવારનવાર આવા કોઈ તપ કરી કર્મ ખપાવી અંતે અણાહારી પદ પામવાની આપણને પણ સાચી ભાવના જાગે એવી પ્રભુને પ્રાર્થના કરીએ.

## ૧૮. અચિંત્ય પ્રભાવ !

અમદાવાદમાં શાહપુર ચુનારાના ખાંચામાં મોંઘીબ્હેન રહેતાં હતાં. પછી મુંબઈમાં બોરિવલીમાં રહેતા તેઓ જૈફ વયે લગભગ ૧૯૯૭માં સ્વર્ગવાસ પામ્યા.

સ્થાનકવાસી પતિ જોડે લગ્ન થયાં. પતિને ધર્મ તરફ અરુચિ હતી. એટલે દર્શન, જ્ઞાનાભ્યાસ કે સામાયિક વગેરે કાંઈ પણ ધર્મ

પત્ની કરે તો ગુસ્સે થાય. તેથી પતિની ગેરહાજરીમાં મોંઘીબ્હેન ધર્મક્રિયા કરી લેતાં. ધાર્મિક અભ્યાસ ખૂબ કરેલો. છ કર્મગ્રંથના અર્થ પછી **'કમ્મપયડિ' જેવા કઠિન ગ્રંથોનું પણ અધ્યાપન તેઓ જિજ્ઞાસુવર્ગને કરાવતા !** ભાષામાં પણ અત્યંત મધુરતા. નણંદ માટે પણ 'પૂજ્ય નણંદબા' એવા શબ્દો વાપરતા !

મોંઘીબ્હેન પ્રભુના ધર્મથી ભાવિત બની ચૂકેલા હતા. એટલે બધુ કામ પતાવીને ઘરે કોઇ ન હોય ત્યારે મોડેથી ૧૧ વાગે પણ દર્શન કરવા જાય. ગુરુ મહારાજના અસીમ ઉપકારથી ગદ્‌ગદિત થઇ બ્હેને નિર્ણય કર્યો કે પૂ. બાપજી મ. સા. ને વિદ્યાશાળાએ વંદન કર્યા પછી જ ખાવું ! પૂ. બાપજી મ. પણ પોતે વર્ષીતપનું બેસણું કરવા બેસી ગયા હોય તોપણ પડદાની નીચેથી હાથ બહાર કાઢે. બ્હેન વંદન કરી લેતાં. મોંઘીબ્હેન હૈયાથી ખૂબ પ્રસન્ન રહેતાં.

એક દિવસ બપોરે એક વાગે 'કમ્મપયડિ' ગ્રંથનું વાંચન કરતાં હતાં ત્યાં બાળકો આવીને કહે છે, ''કાકી ! કાકા આવ્યા !'' પતિને ઓચિંતા અનવસરે આવેલા જાણી મોંઘીબ્હેન પુસ્તક અભરાઈ ઊપર ચડાવી દીધું. પણ પતિ તે જોઇ ગયા. ખૂબ ગુસ્સે ભરાયા. બારણું બંધ કરી દોઢ કલાક મૂઢ માર માર્યો. છોકરાઓ બારણું પછાડે કે ''બારણું ખોલો, નહીતર તોડી નાખીશું.''

મોંઘીબ્હેન સમજતા કે મારા કર્મ ખપી રહ્યાં છે. અરિહંતની ધૂન અને ગુરુદેવનું શરણ લઇને નત મસ્તકે માર ખાધો. પછી પતિ ઓફિસે ગયા. પાડોશીઓ આવીને પૂછે છે, ''તમને બહુ વાગ્યું ?'' ત્યારે હસતાં હસતાં મોંઘીબ્હેન કહે છે, **''મને તો માથે ટપલી મારે તેટલો પણ માર વાગતો ન હતો.** મારા ગુરુદેવ મારું રક્ષણ કરતા હતાં.'' બધા આશ્ચર્યચકિત થાય છે. જતી વખતે પતિએ ગુસ્સામાં ૪૦૦ પાનાં જેટલી મોટી કમ્મપયડિની કપડામાં વીંટેલી પ્રત નીચે પાણીના ટાંકામાં નાખી દીધેલી. મોંઘીબ્હેન દોડતાં પ્રત

કાઢવા જાય છે, પણ સૌના આશ્ચર્ય વચ્ચે **આખી પ્રત પાણી ઉપર તરતી હતી અને ઉપરનું સુતરાઉ કપડું ભીનું પણ થયું ન હતુ.** આજના કાળમાં પણ ધર્મની શ્રધ્ધા કેવું અપૂર્વ કામ કરે છે !

છેલ્લા દિવસોમાં પતિને કેન્સરનો મહાવ્યાધિ થયો. આવા પતિની પણ મોંઘીબ્હેન ખૂબ સેવા કરે છે. એક દિવસ તેમના પતિ તેમને કહે છે "હું તને પત્ની કહું, માતા કહું, દેવી કહું કે ભગવતી કહું ? મેં તને દુઃખ આપવામાં કંઇ બાકી રાખ્યુ નથી. અને તેં તો સદા મને માત્ર સુખ જ આપ્યું છે. હવે મૃત્યુના કિનારે બેઠેલો હું તારી પ્રસન્નતા માટે શું કરુ ?" મોંઘીબ્હેન કહે છે, "જો તમે ખરેખર મારા ઉપર પ્રસન્ન થયા હો તો આપણી ચાલીની ચોથા નંબરની રૂમના ભાઈ જોડે તમને મનમેળ નથી. તમે એને માફી આપી દો. **મિચ્છામિ દુક્કડમ્ માંગી લો, જેથી ભવાંતરમાં દુર્ગતિ ન થાય.**" મોંઘીબ્હેન કેવા ઉમદા શ્રાવિકા ! બધાં દુઃખ સમતાથી સહે, ધર્મ કર્યા કરે. અધર્મી પતિના પણ આત્મહિતની ચિંતા ! હે શ્રાવક, શ્રાવિકાઓ ! તમે પણ કર્મ અને ધર્મમાં દ્રઢ શ્રધ્ધાપૂર્વક સ્વપર-હિત કર્યા કરો એ જ હિતોપદેશ.

## ૧૯. ધાર્મિક ભણાવવાની ભક્તિ

અમદાવાદમાં શાહપુરમાં એક શ્રાવકે વર્ષોથી પોતાના ઘરમાં જ પાઠશાળા કરી છે ! પોતે જ મફત ભણાવે છે. દાતા ન મળવાથી પ્રભાવના ખાસ થતી નથી. છતાં ૨-૪ જૈન તથા ૧૦-૧૨ અજૈન બાળકો રોજ ભણવા આવે છે ! કેટલાક જીવવિચાર વિગેરે ભણે છે !! ધન્યવાદ.

## ૨૦. ચૈત્યપરિપાટી

મુંબઈ પારલાના કેટલાક યુવાનો દર સોમવારે નવા નવા દેરાસરે દર્શન કરવા જાય છે. આમ ઘણાં વર્ષોથી સામૂહિક ચૈત્યપરિપાટીથી ઘણાં બધાં પરાના દેરાસરોનાં દર્શન કરી લીધાં

છે ! અને આમ આખા મુંબઈનાં બધાં દેરાસરોને જુહારવાની તેમની ભાવના છે ! હે જૈનો ! પાંચ તિથિએ ગામનાં બધાં દેરાસરે દર્શન કરવાનું શ્રાવકનું કર્તવ્ય કદાચ ન કરી શકો તો આમ રજાના દિવસે નવા નવા દેરાસરે દર્શન કરવાનું તથા વ્યાપાર વગેરે કારણે જે ગામ જાવ ત્યાંનાં દેરાસરોમાં દર્શન કરવાનું ચૂકશો નહિ.

## ૨૧. કસ્તૂરભાઈને જૈનપણાનું ગૌરવ

કસ્તૂરભાઈએ એક વખત સરદાર વલ્લભભાઈને જમવા બોલાવ્યા હતા. વલ્લભભાઈ રાત્રે લગભગ આઠ વાગે આવ્યા. શ્રેષ્ઠીવર્યે કહ્યું,"હું જૈન છું. રાત પડી ગઈ છે. તેથી હું લાચાર છું. તમને જમાડી નહિ શકું. મારું નિમંત્રણ **સૂર્યાસ્ત** પહેલાનું હોય છે." પાણી આપી વિનયપૂર્વક વિદાય કર્યા ! ભારતના લોખંડી પુરુષ સરદારને પણ એમણે જમાડ્યા નહિ ! હા ! ખાનદાની અને સંસ્કાર કેવાં ઉત્તમ કે ધાર્મિક આચારોમાં મક્કમ બની ગયા. તમે પણ રાત્રિભોજન, અભક્ષ્ય, અનંતકાય વગેરે ભયંકર પાપોથી ભાવથી ને વ્યવહારથી બચવા માટે મક્કમ બનો એવી મનોકામના.

## ૨૨. એન્જીનિયરની આરાધના

મહેન્દ્રભાઈ સિવિલ એન્જીનિયર ૩૨ વર્ષ પહેલા થયા. ૨૨ વર્ષથી રોજ બંને પ્રતિક્રમણ અને બે સામાયિક કરે છે. રવિવારે અને **રજાએ ૬ સામાયિક કરે છે !** મેં આરાધના અંગે પૂછતાં તેમણે કહ્યું કે સર્વિસને કારણે રોજ તો સમય ન મળે, પણ રવિવારે અને રજામાં ફરવા વગેરેના પાપ કરવા કરતાં સામાયિકનો મહાન લાભ કેમ ન લઉં ? તેથી શક્ય તેટલા વધુ સામાયિક કરું છું." તેઓ રોજ બેસણાં કરે છે. **ગાથા ગોખે છે.** તિથિએ આયંબિલ કરે છે. લગ્નમાં પણ સગાઓને રાત્રિભોજન

કરાવતા નથી. દર પર્યુષણમાં ચોસઠ-પહોરી પૌષધ સાથે અઠ્ઠઈ કરે છે ! રોજ સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરે છે. **જ્યાં જાય ત્યાં મ.સા. મળે તો ગુરુવંદન અવશ્ય કરે !!** મારો પરિચય નહીં છતાં પૂછીને જાણીને મને વંદન કરવા આવ્યા. સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ ભાવથી કરે છે.

પુણ્યશાળીઓ ! તમે પણ કદાચ રોજ વધુ ધર્મ ન કરી શકો તો રજાઓમાં સામાયિક, વાંચન, આંગી, પ્રતિક્રમણ, વ્યાખ્યાન, ગુરુવંદન આદિ કરી તમે પણ ઉભય લોક સફળ કરો.

## ૨૩. સમ્યગ્જ્ઞાનનો જિજ્ઞાસુ

**જેઓએ માત્ર ચાર વર્ષની ઉંમરે ઓરી નીકળવાથી આંખો ગુમાવી,** ઉપરાંત વ્યવહારિક શિક્ષણ પણ કશું લીધું ન હતું, તેમ છતાં તેમને પૂર્વભવની આરાધનાના પ્રભાવથી અંતરમાં જ **સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિની ભાવના થઈ.** બ્રેઈલ લિપિ શીખીને તેમણે પાઠશાળાના શિક્ષક પાસે મુખપાઠ દ્વારા પંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ અને ત્રણ ભાષ્ય કંઠસ્થ કરી દીધાં ! ત્યારબાદ તેઓ સિદ્ધાંત-મહોદધિ પૂ. આચાર્ય શ્રીમદ્વિજયપ્રેમસૂરિજી મ.સા.ના સંપર્કમાં આવ્યા. પૂ. શ્રી એ તેમને કર્મસાહિત્યનો અભ્યાસ કરાવ્યો ! ત્યારબાદ તેઓ તેમની કૃપા પ્રાપ્ત કરી મહેસાણા પાઠશાળામાં ભણવા ગયાં. ત્યાં તેમણે **વ્યાકરણ, કર્મસાહિત્ય વગેરે વિષયોનો પંડિત શ્રી પુખરાજભાઈ પાસે નક્કર અભ્યાસ કર્યો.** ત્યારબાદ ફરીથી સાધુ મ.સા.નાં સંપર્કમાં આવતાં તેમનો અભ્યાસ વધતો જ ગયો ! પછીથી વઢવાણ, મહેસાણા (અને હાલ તપોવન) વગેરે ક્ષેત્રોમાં અધ્યાપક તરીકે રહ્યા. એમાં પણ કેટલીક વાર મફત સેવા આપી !

એમને જ્ઞાનની શુદ્ધિની એટલી ચીવટ કે તેઓ દરેક પદાર્થને ખૂબ ધ્યાનથી સાંભળી શુદ્ધ સાચું જ કંઠસ્થ કરે, વળી

તેનું ચિંતન પણ કરે. તદુપરાંત તેઓ વિદ્યાર્થીઓને રાત્રે ગમે ત્યારે પણ ઉઠાડીને પાઠ આપે, તથા **રાતના ગમે ત્યારે પણ વિદ્યાર્થી કે સાધુ મ.સા. પ્રશ્ન પૂછવા આવે તો** તે તરત જ જાગૃત થઈ તે વિષયને બરાબર સમજાવે. આવા તે અપ્રમાદી હતા ! **સંસ્થાના સમય ઉપરાંત અને રાત્રે પણ તે ભણાવવા તૈયાર !** ભણાવવું તેમના સ્વભાવમાં થઈ ગયું છે !

તેમનું નામ છે અમુલખભાઈ મૂળચંદભાઈ મહેતા. અહો ! સમ્યગ્જ્ઞાન માટે કેવી લગની ! આજે આવા પ્રાધ્યાપકોની જિનશાસનને જરૂર છે. તેઓને આજે પણ વ્યાકરણ, કર્મસાહિત્ય કંઠસ્થ છે.

પ્રજ્ઞાચક્ષુ પણ જો જ્ઞાનની આવી ઘોર સાધના કરે તો નેત્રવાળા એવા આપણે જ્ઞાનપ્રાપ્તિ માટે કેટલો બધો પ્રયત્ન કરવો જોઇએ ? ગોખવા, શુદ્ધ ભણવા, વિચારવા આપણને આંખ, પુસ્તકો વગેરે ઘણું મળ્યું છે; સદુપયોગ કરો ને માનવભવ સફળ કરો.

પાઠશાળાના શિક્ષકો પણ દિલ લગાવીને જો ભણાવે તો ખૂબ જ સ્વ-પર-હિત થાય; બુધ્ધિ, શાંતિ વગેરે ભવોભવ મળે !

## ૨૪. અજૈન કે જૈનો ?

**(A) બ્રાહ્મણનું જૈનપણું :** ડીસા પાસે રાજપુરમાં ગૌતમભાઈ બ્રાહ્મણ પૂજારી છે. પૂ.પં. શ્રી કુલચંદ્રવિજય મ., પાઠશાળાના અધ્યાપક ચંદુભાઇ આદિની પ્રેરણાથી તે ધર્મશ્રદ્ધાળુ બન્યા ! રોજ જિનપૂજા ખૂબ ભાવથી વિધિપૂર્વક કરે છે ! પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, તત્ત્વાર્થ વગેરે ભણ્યા ! ૨ વર્ષ પહેલાં સંસ્કૃત, કર્મગ્રંથ વગેરે ભણતા હતા. ૧૮ વર્ષથી પૂજારી છે. તમે ખરેખર જૈન છો ? **આ અને બીજું પણ તમારે ન ભણવું જોઈએ ?**

**(B) નીરુની વીરતા : ડૉક્ટર ઉષાબ્હેન જનરલ પ્રેક્ટીશનર છે.** ધર્મશ્રદ્ધા ખૂબ છે. સુપુત્ર વગેરેને ધર્મના સંસ્કાર આપે છે. તેમના દવાખાનામાં **નીરુબ્હેન** કમ્પાઉન્ડર છે. નીરુબ્હેન જ્ઞાતિથી વાળંદ છે. પાંચ વર્ષ પહેલાં તેમના પતિનું મૃત્યુ થયું. ૩ બાળકોવાળાં નીરુબ્હેને આ ડૉક્ટરને ત્યાં ૫ વર્ષથી નોકરી કરવા માંડી. **ઉષાબ્હેને નીરુબ્હેનના આત્મામાં ઉષા પ્રગટાવવાના હેતુથી અવસરે અવસરે જૈન ધર્મની વાતો કરવા માંડી !** હળુકર્મી નીરુબ્હેનને ધર્મ ગમી ગયો ! ૪ વર્ષથી ધર્મની સુંદર આરાધના કરે છે ! દેરાસર **દર્શન** આદિ કરે છે . પોતે **જૈન ધર્મનું ભણે છે.** અને બાળકોને ધાર્મિક ભણાવે છે ! ફરી લગ્ન ન કરવાનો સંકલ્પ કર્યો !! તેમની ઇચ્છા જાવજજીવ બ્રહ્મચર્ય લેવાની થઈ ગઈ ! પણ ઉષાબ્હેને ૧ વર્ષનો નિયમ અપાવ્યો હતો. હવે તો જાવજજીવનું લઈ લીધું છે !!

## ૨૫. ધર્મ પરભવમાં જરૂર સાથે આવે

ભદ્ર પરિણામવાળા એ **કોલેજિયનને વાંચવાનો ખૂબ શોખ.** ધાર્મિક પુસ્તકો પણ વાંચે. મિથ્યાત્વ મંદ પડ્યું હશે. તેથી વાંચતા આત્મા, **ધર્મ, સંસાર બધું અંશે અંશે ઓળખાયું !** ધર્મ જ તારક છે, શ્રેષ્ઠ છે.... કરવા જેવો ધર્મ જ છે **એવી વિશુદ્ધ બુદ્ધિ થઈ,** જૈન કુળના આચાર અનુસાર પર્યુષણમાં એક - બે કલાક વ્યાખ્યાન સાંભળે. એ સાંભળતાં ધર્મ સાચો છે તેવી શ્રદ્ધા વધે અને સાંભળતા આનંદ પામે. પૂરું સાંભળવાનું મન થાય છતાં મિત્રો સાથે વચ્ચેથી ઉઠી જવુ પડે. **ધર્મ કરવાના ઘણાં ભાવ થાય પણ મિત્રોની મશ્કરીથી બચવા કશું ન કરે.** વિધિનો પ્રેમ એવો કે જાણ્યા પછી તેને થાય કે પ્રતિક્રમણમાં ચરવળો રાખવો જ જોઇએ. તેથી પર્યુષણ વગેરેમાં **પ્રતિક્રમણ કરે ત્યારે ચરવળો લઈ જાય.** પણ કોઇ મશ્કરી ન કરે માટે થેલીમાં

સંતાડીને લઈ જાય.

ગ્રેજ્યુએટ થયા પછી ઉંમરને કારણે **લગ્નનું દબાણ થવા માંડ્યું. દીક્ષા લેવાય તો બહું સારું એમ મનમાં થાય.** નિર્ણય નહીં કરું તો લગ્ન થઇ જશે, તો પછી દીક્ષા નહીં મળે એમ વિચારી **ધર્મ વધારવા માંડ્યો.** ધર્મી શ્રાવકની સોબત વધારી **વ્યાખ્યાન - ધાર્મિક અભ્યાસ અને ૪-૬ સામાયિક રોજ કરવા માંડ્યો.** સાધુ ભગંવતોનો પરિચય વધાર્યો. દીક્ષાની ભાવના પ્રબળ બનતી ગઈ. પૂર્વ સાધનાના પ્રભાવે ધર્મ ક્રિયાની રુચિ વધતી ગઈ. **ત્રિકાળ પૂજા કરે.**

પાપ-ભીરુતાને કારણે રાત્રે લાઇટોમાં જવાથી તેઉકાયની અમાપ **હિંસાથી બચવા તેને રાત્રે ક્યાંય જવાનું મન ન થાય.** કાળવેળાએ ખુલ્લામાં કે લાઇટમાં જવું પડે તો તેને થાય કે સાધુની જેમ કામળી ઓઢીને જવું જોઇએ જેથી ઘણા પાપથી બચાય. ઈર્યાસમિતિનું પાલન, મુહપત્તિનો ઉપયોગ, વાતે-વાતે જયણા એ બધું એને ખૂબ ગમે. **તિથિએ પૌષધ કરે.** એમ આગળ વધતાં વધતા ખુબ પુરુષાર્થથી એને **છેવટે દીક્ષા પણ મળી.** સગાઓએ પણ એની મક્કમતા જોઇ રાજીખુશીથી મહોત્સવપૂર્વક દીક્ષા અપાવી.

મહત્ત્વની વાત એ છે કે પાછલા જન્મમાં સંસ્કાર પડે તેવો ભાવથી ધર્મ કર્યો હશે કે જેના પ્રભાવે આ ભવમાં **આવા કાળમાં** સત્સંગના અભાવમાં પણ **સહજપણે ધર્મ--પુસ્તકોનું વાંચન,** આરાધના, વિધિ વગેરેની રુચિ જાગી ! **વળી ધર્મની દૃઢ શ્રદ્ધા જલદી થઈ ગઈ ! ખૂબ પુરુષાર્થ કરીને દીક્ષા પણ મેળવી.** એમ તમે પણ ધર્મક્રિયા, ધર્મવાંચન, પ્રવચન-શ્રવણ, સુશ્રાવકો ને સાધુઓનો સત્સંગ, જયણા, પાપભય, ક્રિયારુચિ, જિનાજ્ઞા-બહુમાન વગેરે ગુણો આ ભવમાં એવા આત્મસાત્ કરો કે

સાનુબંધ થયેલા તે સદ્‌ગુણો પરભવમાં સાથે આવે અને ત્યાં પણ ધર્મ-આરાધના અને ગુણો ખૂબ ખૂબ વિકાસ પામે. એમ ભવોભવ આત્મગુણો વધતાં જાય અને શીઘ્ર શિવ - સુખ મળે. વળી **દીક્ષા વગેરેનો જેને ભાવ થાય તેણે હિંમત અને ખંતથી ઉદ્યમ કર્યા જ કરવો. તો એ અવશ્ય આવી પરમ તારક પારમેશ્વરી પ્રવ્રજ્યા પામે.**

## ૨૬. સામાયિક રોજ કરનાર

રાજનગરમાં રમણભાઈ ભગવાનનગરના ટેકરાના સંઘના પ્રમુખ છે. એક નિમિત્ત પામી તેમણે રોજનું એક સામાયિક શરૂ કર્યું જે આજે ૩૫ વર્ષે પણ નિયમિત રીતે ચાલુ જ છે ! ટેકરાના ઉપાશ્રયની ખનનવિધિ કસ્તુરભાઈ લાલભાઈના હાથે કરાવવાનું આગેવાનોએ વિચાર્યું. પંડિત મફતલાલ સાથે જઇ વિનંતી કરી. વાત સાંભળી કસ્તુરભાઈ કહે, "એ સમયે હું રોજ સામાયિક કરું છું તેથી નહિ આવી શકું." સામાયિક આગળ-પાછળ કરવાની વિનંતી કરી. પણ તેમનો તે નિયત સમય હતો. પછી બધાના અતિ આગ્રહથી કસ્તુરભાઈએ વિનંતી સ્વીકારી. પણ આ પ્રસંગથી રમણભાઈ વિચારે ચડ્યાં :- "આટલા મોટા શ્રીમંત માણસ અનેક મિલોના માલિક. સંઘમાં આગેવાન. છતાં રોજ સામાયિક કરે છે ! તો મારે સામાયિક વિના કેમ ચાલે / તેમના જેમ હું પણ એક સામાયિક કરી મારા આત્માનુંકાંઇક હિત સાધુ !" રમણભાઇ ત્યારથી નિયમિત રોજ સામાયિક કરે છે.

એકનો ધર્મ બીજાને પણ કેવા ધર્મી બનાવે છે તેનું આ અદ્‌ભૂત દ્રષ્ટાંત છે. શ્રીમંતો, આગેવાનો ધર્મ કરે તો ઘણાંને પ્રેરણા થાય અને મોટાઓ અને માતા-પિતા ધર્મ કરે તો ઘરમાં બધાને ધર્મની ભાવના થાય. ઘણીવાર ઉપદેશ કરતાં આચરણથી ઘણા બધાના જીવનમાં ધર્મના આચારો આવે છે.

વળી આપણે પણ આપણા મનમાં સારા પ્રસંગોનું ચિંતવન કરવાની સુટેવ પાડવી જોઇએ. આવા સારા પ્રસંગો જોઇ, જાણી, વિચારણા કરે તેના જીવનનો અવશ્ય વિકાસ થાય છે. આમ તમારા મનમાં ભાવ, ઉલ્લાસ વધે; યથાશક્તિ જીવનમાં ધર્મના આચારો વધે અને તમે આત્મહિત સાધો એ જ શુભેચ્છા. સામાનું અશુભ, પાપાચાર, દુરાચાર કર્મ-પરવશ આખી દુનિયા જલદી ગ્રહણ કરે છે. ધર્મપ્રેમી તમારે બીજામાંથી પ્રેરણા લઈ શક્ય ધર્મકાર્યો તમારા જીવનમાં લાવવાની ટેવ પાડવી જોઇએ. આજે આ રમણભાઇનું જીવન ઉદારતા, સાધર્મિકભક્તિ, કરુણા, સાધુભક્તિ આદિ અનેક ગુણોથી મઘમઘતું છે ! વળી વરસોથી નિયમિત રીતે આરાધેલ એક માત્ર સામાયિક વ્રતથી તેમના જીવનમાં સંતોષ, સમાધાન, પ્રસન્નતા અને પ્રશમ ભાવ ઝળકે છે.

તમે સૌ પણ રમણભાઈના જીવનમાંથી પ્રેરણા લઈ મળેલા આ મહાન માનવજન્મને સફળ બનાવી લ્યો એ જ શુભેચ્છા.

## ૨૭. તિથિ પૌષધ

ભગવાનનગરના ટેકરે ધરણેન્દ્રભાઈ દશ તિથિ પૌષધ પ્રાયઃ કરે છે ! એક વાર તેમણે સાંભળ્યું કે રસિકભાઈ દશ તિથિ પૌષધ કરે છે તેથી તેમને પણ ભાવના થઇ ! બીજા કોઇ સાથે ન હોય છતાં એકલા પણ પૌષધ કરે. મહારાજ સાહેબ ઉપાશ્રયમાં ન હોય તો પણ કરે. હે સુશ્રાવકો ! યથાશક્તિ બાર તિથિ, પાંચ તિથિ, બે તિથિ પૌષધ, સામાયિક, તપ, વ્યાખ્યાનશ્રવણ વગેરે આરાધના કરવી જોઇએ. કારણ કે ભગવાન કહે છે કે સામાયિક, પૌષધ, શાસ્ત્ર-સ્વાધ્યાય, વ્યાખ્યાનશ્રવણ, જાપ, ધ્યાન, પ્રભુભક્તિ આદિમાં ગયેલો સમય જ સફળ છે. બાકીનો સમય તો ઉલટું સંસાર વધારનારો છે.

એટલે આ દુર્લભ ભવમાં મોક્ષપ્રાપક ધર્મની કમાણી કરી લેવી એ જ સાર છે.

## ૨૮. બાલિકા કે સાધિકા

આ પ્રસંગ વાંચ્યો ત્યારે મનને આનંદ તો અત્યંત થયો પણ આશ્ચર્યનો પણ પાર ન રહ્યો. માત્ર પાંચ વર્ષની બાલિકા પણ કેવી ધર્મી હોય છે તે તમે પણ ખૂબ આદર સાથે વાંચો. મગજમાં કેન્સરની ગાંઠવાળી આ છોકરીએ માત્ર ૫ વર્ષની જીંદગીમાં કેટલા દુઃખો વેઠ્યા તે જાણી આપણી તો છાતી બેસી જાય ! અધૂરા માસે જન્મ થવાથી ડૉક્ટરોને આશ્ચર્ય થયું. તાત્કાલિક ઉપચારો કર્યા. બચી ગઇ. પેટીમાં ૩ માસ રાખવી પડી.

જન્મતા અતિ રૂપાળી જોઇ બધાને વ્હાલી થઇ પડી ! માતા પિતાએ આ પુણ્યશાળી બાળાને શ્રી શત્રુંજયની ૩ વાર અને શ્રીશંખેશ્વરજીની ૧ વાર યાત્રા કરાવી. એક વાર તેને કમળો થઇ ગયો. થોડા વખત પછી માથામાં પાછળના ભાગમાં દુઃખાવો થયો. એક્સ રે તપાસથી મગજમાં કેન્સરની ગાંઠનું નિદાન આવ્યું. હોસ્પિટલમાં દાખલ કરી. બિલકુલ રડે નહીં. ડૉક્ટરોને અત્યંત આશ્ચર્ય થાય કે મગજના કેન્સરમાં સમજુ, સહનશીલ હોય તો પણ રાડો પાડી માથા પછાડે. આ શું કોઇ દેવી છે ? કેવી રીતે આ આટલી ભયંકર પીડા સહન કરે છે ? પાછી ૫ વર્ષની ટેણી ! સમજ, જ્ઞાન કશું ય નહીં. ઉપરથી તે તેની મમ્મીને શાંત રાખે, તેને થતું હશે કે હું રડીશ તો મમ્મીને પણ ઘણું દુઃખ થશે. તેથી બધુ સહન કરે !

ધર્મી આ બાળાએ કાકા પાસે વચન લીધું કે સારી થઇ જાઉં તો મને શ્રી શાશ્વતગિરિની અને શંખેશ્વરજીની યાત્રા અને પૂજા કરાવવાની ! ખબર પૂછવા આવનારાઓને સંસારની કોઇ વાત ન કરવા દે. આટલા દર્દમાં પણ માત્ર ધર્મ અને નવકારની વાતો

જ તેને સાંભળવી ગમે !!! કેન્સરના ઓપરેશનના આગલા દિવસે શ્રી નવકાર, ઉવસગ્ગહરં મંત્રથી મંત્રિત પાણી વાપર્યું. પરંતુ આયુષ્ય ખલાસ થયું હશે. ન બચી. નવકાર સાંભળતા સદ્ગતિમાં સિધાવી ગઇ.

પૂર્વજન્મમાં આ બાલિકા કોઇ વિશિષ્ટ સાધના કરીને આવી હશે. જેથી આટલી અજ્ઞાન બાળવયમાં પણ એણે માત્ર આરાધના જ કરી ! આપણે તો સુખમાં કે રોગમાં, અરે સામાયિકમાં પણ વાતોના ગપાટા, તુચ્છ મનોરંજનના દોષો સેવીએ છીએ.

જયારે વિરલ નામની આ છોકરી ૧૮ વર્ષ પહેલાં લઘુવયમાં ઊંચી સાધના કરી ગઇ ! સમતા વગેરે ગુણોની સુવાસથી આ બાળાએ બધાના દિલમાં ધર્મની પ્રભાવના કરી !!! આવી સહનશીલતા, સમજ, ધર્મપ્રેમ વગેરે વત્તે ઓછે અંશે અમારામાં પણ આવે એવી હે સાધકો ! તમે પણ પરમાત્માને સાચા દિલથી પ્રાર્થના કરો.

## ૨૯. પ્રાર્થનાનો પ્રભાવ

પર્યુષણા પર્વાધિરાજમાં નીલેશ્વરીબ્હેનની અંતરની ભાવના પૂજા, પ્રવચન, વંદન આદિ આરાધના આઠે દિવસ કરવાની હતી. પરંતુ શિક્ષિકાની નોકરી હોવાથી નોકરીમાંથી રજા મળવામાં મુશ્કેલી હતી. પહેલા પણ કારણે રજા મૂકે તો ખૂબ તકલીફ પડતી. તેથી પરમાત્માને પ્રાર્થના કરી કે, "દેવાધિદેવ ! રજા મંજૂર કરાવજો." અને આ શ્રાવિકા તો ભગવાનની કૃપા જોઇ ચક્તિ થઇ ગઇ. રજા પાસ થઇ !

શ્રાવિકાએ તો પૂજા વગેરે ઉપરાંત સાંજે પણ દર્શન, રાત્રે ચોવિહાર, પોતાના બાળકને ય આઠે દિવસ પૂજા વગેરે કરાવી ઉત્સાહ, ઉમંગપૂર્વક બધી દિલની ભાવના સંપૂર્ણ કરી !! ધાર્મિક

ભાવનાવાળા આ શિક્ષિકા જણાવે છે કે શનિ, રવિ રાત્રિ ભોજન ત્યાગ, નોકરી જતાં આવતા શ્રી નવકારનો જાપ, ધાર્મિક પુસ્તકોનું વાંચન વગેરે આરાધના કરવાની હૈયાની ઇચ્છા છે.

હે આરાધકો ! ધર્મ ભાવનામાં વિઘ્ન આવે તો હતાશ થયા વિના સાચા દિલથી પ્રભુને પ્રાર્થના કરવી કે મારી આ ભાવના પૂર્ણ કરજો. પ્રભુ-પ્રાર્થનાનો ચમત્કાર અદ્ભૂત છે ! ધર્મની ઇચ્છા સારી રીતે સફળ કરાવશે !

## ૩૦. અજૈનની ધર્મશ્રદ્ધા

બચુજી ઠાકોરે તેમના ધર્મપત્ની દેવુબા સાથે શ્રી શત્રુંજય, શંખેશ્વરજી આદિ ૧૪ જેટલા જૈન તીર્થોની યાત્રા ભક્તિથી કરી છે! કંદમૂળનો ત્યાગ કર્યો. અઠ્ઠાઇ તપ પર્યુષણમાં અને પાંચ તિથિ લીલોતરીનો ત્યાગ, રોજ ૩ નવકારવાળી, જુગાર, શિકાર આદિ મોટા બધા વ્યસનોનો ત્યાગ, પાન, બીડી, મસાલાઓનો ત્યાગ, અંતરાયનું પાલન, નોકરીમાં અત્યંત પ્રમાણિકતા વગેરે.

ઠાકોર જો આટલો ધર્મ કરતા હોય તો આપણે જૈનોએ તો કેટલો ધર્મ કરવો જોઇએ ? પૂજા, અભક્ષ્ય ત્યાગ વગેરે તો બધા જૈનોઓ કરવો જ જોઇએ.

## ૩૧. મામલતદારનું જૈનત્વ

સુશ્રાવક જે.બી. પરીખ વડોદરામાં ૧૯૭૦ માં ડેપ્યુટી મામલતદાર હતાં. તોફાનમાં ફરજ પર સાથે પોલિસ ટુકડી લાવેલા. તોફાન ખૂબ વધી ગયું. પોલિસોએ ફાયરીંગનો ઓર્ડર આપવા દબાણ કર્યું. પરીખે વિચાર્યું કે ગોળીબારથી ઘણાં મરે. જૈન એવા મારે આટલી બધી હિંસા કરવી ન શોભે ! છતાં સંજોગોવશ અહિંસક ફાયરનો ઓર્ડર આપવો પડ્યો.

એના પણ તીવ્ર પશ્ચાતાપથી આવા મોટા હોદ્દા પરથી પણ રાજીનામુ આપી દીધું ! પછી ઉપાશ્રયે જઇ પંચેન્દ્રિય હિંસાનું પ્રાયશ્ચિત લીધું. પોતાને એનું એટલું બધું લાગી આવ્યું કે આ પાપના દંડ તરીકે અઠ્ઠાઈ કરી ! પછી ધર્મ કરવા માંડ્યો, વર્ષીતપ આદિ કર્યાં.

પોલીસની હિંસક નોકરીમાં કે જ્યાં હિંસા, દંડ, અત્યાચાર, નિર્દયતા સહજ છે ત્યાં પણ તેમણે જૈનપણું ટકાવ્યું ! ધન્ય છે તેમને. હે શ્રાવકો ! તમે પણ ધંધા, નોકરીમાં માનવતા, જૈનપણું ધારો તો જરૂર સાચવી શકો. સંકલ્પ ને ધ્યેય જોઇએ. આ પરીખ તો અત્યારે દર અઠવાડિયે ૨-૩ દિવસ સ્વ ખર્ચે પાલીતાણા જઇ આ.ક. પેઢીના તેમજ તીર્થના ઘણાં ભક્તિકાર્યો કરે છે !!! પરીખે પછીથી રેવન્યુમાં નોકરી કરી. પછી ધંધો કર્યો. આજે તો સંઘના તથા શાસનના ઘણાં ભક્તિના કામો ઉમંગથી સ્વદ્રવ્યથી કરે છે તથા ધર્મમાં પણ ઘણું ધન વાપરે છે ! તમે પણ સંઘસેવાનું નિર્મળ પુણ્ય મેળવો. છેવટે આવા સત્કાર્યોની અનુમોદના સાચા દિલથી કરવા અત્યારે જ બે હાથ જોડી આ પરીખ વગેરે સંઘસેવકોને માથુ નમાવી ''પ્રણામ'' બોલો.

## ૩૨. સુપ્રીમ સાધના

આજના સપરમા (શ્રેષ્ઠ) સુપ્રીમ દિવસે એક શ્રાવકની સુપ્રીમ સાધના વાંચી જરૂર અનુમોદના ભાવથી કરી સુપ્રીમ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જો.

જોધપુરના જોહરમલજી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા. ધર્મની ભાવના વધતી ગઇ. સંસારમાં સાધુના આંશિક આચારો પાળવા મન ઉલ્લસિત થયું. એક પૈસો પાસે રાખવાનો નહીં !!! વાહનનો ઉપયોગ લગભગ નહીં કરવાનો !! કપડાં ટૂંકા અને

મેલા પહેરવાના ! માત્ર એક ટંક જ ભોજન કરવાનું ! પછી તો એકાંતરે ઉપવાસ કરવા માંડ્યાં !! વાળનો લોચ કરાવતા !!!

આવા વેશને કારણે કૂતરો ભસે. વર્ષમાં ૫-૭ વાર કરડી જાય. પરંતુ સારા કપડાં પહેરવાની ભાવિકોની સલાહ ન જ સ્વીકારી ! આ ચારમાં પૂરા મક્કમ ! અને છતાં કૂતરાને મારે તો નહીં જ, ભગાડે પણ નહીં !! અને ક્યારેય કૂતરા પર ક્રોધ કર્યો નથી !!! આવા વેશને કારણે અજાણ્યા તેમને ચોર, ભિખારી માને, પરંતુ તેઓ તેના ઉપર જરાય અપ્રીતિ ન કરે !!!

આમની ઘણી બધી વાતો છે. માન્યામાં ન આવે એવી એમની ઘોર સાધના હતી ! રમણલાલે પ્રબુદ્ધ જીવનમાં આમની સાધનાનો સુંદર ચિતાર આપ્યો છે. રમણલાલને એમનો પરિચય અને મળવાના પ્રસંગો બન્યા છે. આ જોહરમલે ઘણાં પરિષહો સહન કર્યાં. અપમાન રોજ-બરોજ હસતાં હસતાં સહ્યાં !! મચ્છરોના ડંખથી આત્માને એવો અભ્યસ્ત બનાવી દીધો કે સમતાથી ડંખ સહન કરે !! સામાયિક, પ્રતિક્રમણ, ધ્યાન વગેરે આરાધના નિયમિત કરતા ! સંસ્કૃત, પ્રાકૃતનો અભ્યાસ કર્યો. પૂજ્ય શ્રી જંબૂવિજય મ.સા.ના આગમ સંશોધનના કામમાં આમણે ઘણી ભક્તિ કરી છે !! રાતના મૌન પાળે !! ૭૧ વર્ષે ન્યુમોનિયા થયા છતાં હોસ્પીટલમાં જવાની કે દવા લેવાની ચોખ્ખી ના પાડી દીધી !!! કેવી દેહ-નિસ્પૃહતા !! આવા એક સુપ્રીમ સાધક સમાધિથી સ્વર્ગમાં પહોંચી ગયા હશે !!

હે મારા આત્મીયબંધુઓ !! તમે આ વાંચી મહાન પ્રાચીન કવિની આટલી વાત સ્વીકારો. "દોહિલો માનવભવ લાધ્યો, તુમે કાંઇ કરીને સાધો........" અર્થાત્ ગમે તેમ કરીને પણ આ દુર્લભ રૂડા ભવમાં થોડી ઘણી પણ ધર્મસાધના કરી લો.

## ૩૩. દાન સાથે ધર્મની પ્રેરણા

અઢળક ધન આપી સુરતવાળા બાબુભાઇ ફકીરચંદ ઘણાને દર્શન, પૂજા વગેરે ધર્મ કરાવતા ! અને ઘણી સ્ત્રીઓને પાપથી છોડાવતા. આ સત્ય કિસ્સાના બધા નામ પણ સત્ય છે. અમરેલીના, હાલ બોરીવલીમાં રહેતા રમેશભાઈ બેકાર અને આર્થિક રીતે દુઃખી હતા. આજીવિકાની શોધમાં બજારમાં રોજ ભટકતા. એક દિવસ બાબુભાઈની નજર પડી. બોલાવી કહ્યું, "દર્શન કરી રોજ ચાંદલો કરજે. તને રોજ દલાલી પેટે રૂા. પાંચ આપીશ !" સંવત ૧૯૫૭ આસપાસની આ ઘટના સમયે ૧ પાઇની પણ કિંમત હતી. ત્યારે માસિક પગાર રૂા. ૮-૧૦ હતો. રમેશને ધનની ખૂબ જરૂર હતી. તેથી દેરે ચાંદલો કરી રોજ રૂા. પાંચ લઇ આવે. પણ દર્શન ન કરે. કારણ કે કોઇ કારણે ધર્મમાં અશ્રદ્ધા હોવાથી દેરાસરે દર્શન તો કરતો જ ન હતો. પરંતુ ચોથે દિવસે શુભ પળે તેને વિચાર આવ્યો કે શેઠ તો દર્શન કરવાના પૈસા આપે છે. હું તો કરતો નથી ! આ હું અન્યાય કરું છું. હવેથી રોજ દર્શન કરીને જ પૈસા લઇશ.

દસેક દિવસે શેઠે પ્રેરણા કરી કે કાલથી રોજ પ્રભુજીની પૂજા કરજે. તને હવેથી રોજ દલાલી પેટે રૂા. ૫૦ આપીશ !! એક રૂપિયાના ફાંફા હતા એ રમેશને ખાલી પૂજા કરવાથી કાલથી ૫૦ મળશે એ સાંભળીને ખૂબ આનંદ અને આશ્ચર્ય થયા ! ત્યારના ૫૦ એટલે આજના હજારથી પણ વધારે. જૈનોને ઉદારતાથી મોટી રકમ આપી દર્શન પૂજામાં જોડનારા એ શેઠનો કેવો ધર્મ પ્રેમ અને ઉદારતા !!! રમેશે રોજ પૂજા કરવા માંડી. બાબુભાઇ દર કારતક પૂનમે શ્રી શત્રુંજયની યાત્રા સપરિવાર કરે. એક વાર શેઠ રમેશને આ શાશ્વત તીર્થની યાત્રા કરાવવાના શુભ ભાવથી સાથે લઇ ગયા ! શેઠ દર વર્ષે ચઢાવો

બોલી પહેલી પૂજા કરતા. રમેશને પણ કરાવી. રમેશ ખુશ ખુશ થઇ ગયો. એમ પાંચ વર્ષ સળંગ શેઠે રમેશને પણ પહેલી પૂજા કરાવી.

એકવાર એક સામાન્ય દેખાતી વૃધ્ધા ઉછામણી ૨૮૦૦૦ બોલી. કેટલાકને શંકા પડી. તેણે શ્રાવકોને કહ્યું કે હું, ધર્મમાં રકમ રોકડી જ ચૂકવી દઉં છું. તમને શંકા પડતી હોય તો આ મારો હીરો લઇ જાવ. કિંમત કરાવી પાછો મને દાદાના દેરાસરની બહાર આપજો. ત્યા આવેલા જૈન ઝવેરી એ ૮ લાખ રૂપિયાનું મૂલ્ય કહ્યું. શ્રાવકે હીરો ડોસીને દાદાના દરબારમાં આપ્યો. આ હીરા પર મારા પ્રભુની દૃષ્ટિ પડી. હવે દાદાને સમર્પિત કરી દઉં એમ બોલી તે વૃધ્ધા એ હીરો ભંડારમાં પૂર્યો ! ચઢાવો બાબુભાઈએ લીધો. અને આ વૃધ્ધાના ઉત્તમ ભાવની કદર કરી, આગ્રહ કરી તેમના હાથે પહેલી પૂજા કરાવી !!!

બાબુભાઈનો સ્વર્ગવાસ થયો. શોકસભામાં ઘણા આવેલા. ૧૦૦ થી વધુ અજાણી સ્ત્રીઓ પણ આવેલી. પૂછતાં જે વાત જાણી તેથી બધાને સાનંદ આશ્ચર્ય થયું. તે યુવતીઓને લુચ્ચાઓએ કપટથી વેશ્યા બનાવેલી. બાબુભાઈ દલાલ મારફત સંપર્ક કરી તેમને પૂછતા કે આ ભયંકર પાપથી તમારે છુટવુ છે ? ઉદારદિલ બાબુભાઈ હા પાડે એ યુવતીઓને કુશીલના ભયંકર પાપથી બચાવવા તેઓની અક્કાને મૂલ્ય આપી છોડાવી તેમના પિતા પાસે મોકલી સાથે ધન આપતા !!! જેથી ફરી આવું કામ કરવું ન પડે. એ બહેનોએ કહ્યું કે આ અતિ ઉદારદિલ શેઠનો પાડ માનીએ એટલો ઓછો છે !

હે વાચકો ! આ શેઠના આવા અનેક ઉત્તમ કાર્યોની સાચા દિલથી ખૂબ અનુમોદના કરી યથાશક્તિ તમે પણ તમારા પરિવાર, પડોસી, સાધર્મિકોને પૂજા, પ્રવચન, સામાયિક વગેરે ધર્મની દિલથી પ્રેરણા કરો. અને પાપ કાર્યોથી બચાવી

પરોપકાર જરૂર કરો. કબુતરને ચણ નાખવાના તમને ભાવ જાગે છે. આ તો એનાથી અનેક ગણું ઉંચુ ધર્મ કાર્ય છે. કરશો ?

## ૩૪. ધર્મરાગ

કનુભાઇ પાસે એક શ્રાવકને એક કામ માટે મોકલ્યા. બીજે દિવસે એ ભાઇ કહે, " સાહેબજી ! તમે ખૂબ સુંદર લાભ આપ્યો. કનુભાઇને મળી તેમની ધર્મભાવના જાણી આનંદ આનંદ થઇ ગયો ! કલાક એક વાતો કરી, એકલા ધર્મની મજેની વાતો. વચ્ચે બીજા મળવા આવેલા. પણ કનુભાઇ એ એમને બેસાડી રાખ્યા ! મારી સાથે ધર્મની વાતોમાં બીજી કોઇ ચિંતા નહીં."

કનુભાઇ વંદને આવે ત્યારે મારી સાથે પણ ધાર્મિક વાતોમાં કલાકેક બેસી જાય. એમને ધર્મની એવી લગની લાગી છે કે જાણીતો કે અજાણ્યો મળે એટલે ધર્મની વાતો કર્યા જ કરે ! પોતે ગૃહમંદિર નિર્માણ કર્યું છે. રોજ ભાવથી ભક્તિ કરે છે. પોતે લગ્ન પણ કર્યા નથી !!!

પર્યુષણ કરાવવા દર વર્ષે જાય છે. એ સંઘમાં પણ પોતે ધાર્મિક વસ્તુઓ વગેરેની ઘરે ઘરે પ્રભાવના કરે ! એક જ તમન્ના કે મારા પ્રભુનો ધર્મ કેમ બધાના ઘરમાં શરૂ થઇ જાય. ધર્મ માટે ધન પાણીની જેમ વાપરે ! પર્યુષણમાં સાથે જનારા પણ એમના દિલની ધર્મભાવના જોઇ ખુશ ખુશ થઇ જાય !

જ્ઞાનની પણ એમને જબરી તાલાવેલી. પ્રવચન શ્રવણ લગભગ કરે. સાંભળતા ભાવતુ ભોજન કરતા હોય તેથી વધુ ખુશ થાય. સારા પુસ્તકો પણ વાંચે અને અનેક જૈનો વાંચી આત્મહિત કરે એવા પ્રયત્નો કર્યા કરે ! એ માટે પણ ઘણો પૈસો ખરચે !

ધર્મીઓની આરાધનાની વાતો જોઇ જાણી નાચે ! એ વાતો

દિલથી અન્યોને કરતા ગદ્ગદ્ થઇ જાય !!! અત્યંત અનુમોદના કરે. વાતો કરતાં ધંધો, સંસાર, કામકાજ બધુ ભૂલી જાય, કોઇનું પણ દુઃખ જાણે કે તરત કાંઇક કરવા હૈયુ ઉછળે !

તમને પણ આવા કોઇ ભાવધર્મી ભેટી જાય તો બે ઘડી સંસારને બાજુએ મૂકી દેજો. આ પણ આસ્વાદ જરૂર માણજો. કલ્યાણ થઇ જશે. આવા ધર્મીઓને તો શોધવા નીકળવું જોઇએ, અને પુણ્યોદયે મળી જાય તો ખૂબ લાભ લઇ લેવો જોઇએ. સમજી લેજો કે દુઃખ બધા ભાગી જવાના અને સુખના સાગર આવી મળવાના ! આવા સાધુ અને શ્રાવકોનો સત્સંગ એ પણ જીવનનો લહાવો છે ! જરૂર લેજો. એમના દર્શનથી પણ જીવન ધન્ય બની જશે !

## ૩૫. ઘેટીની પાગે ભક્તિ

મુંબઇ જુહુના જગુભાઇનો જોરદાર ભક્તિભાવ જાણી તમે પણ ભાવવિભોર થઇ જશો. એમની ભક્તિ જોઇ બધા એમને દાદા જ કહે છે ! શ્રી શત્રુંજયની નવાણું યાત્રા કરતા તેમણે ૧૩ વર્ષ પહેલાં પોતાનું રસોડું ઘેટીની પાગ પાસે કર્યું. ત્યાં એકાસણું કરી શાંતિથી ભક્તિથી નવાણું યાત્રા કરતા ! આમ કરતાં તેઓને ભાવના થઇ કે સાધુ સાધ્વી ભગવંતો પણ નવાણુ કરે છે. તેમનો લાભ મળે તો અહોભાગ્ય. વિનંતી કરવા માંડી. ક્યારેક લાભ મળવા માંડ્યો. ખુશ થઇ ગયા. પછી ૯૯ યાત્રા કરનારા શ્રાવકોનો લાભ લેવાનો ભાવ થયો. ઘેટીની પાગની બહાર જમવા વગેરેની કોઇ સગવડતા નથી. તેથી નવાણું કરવાવાળાને પાલીતાણા તળેટી બાજુ ઉત્તરે તો જ એકાસણું થાય. શ્રાવકોને વિનંતી કરવા માંડી. લાભ મળવા માંડ્યો.

લગભગ બાર વર્ષથી તે ફાગણ સુદ તેરસ સુધી ઘેટીની પાગ પાસે રહે છે. અને રોજ તપસ્વી, વર્ષીતપવાળા વગેરે શ્રાવક-

શ્રાવિકાનો પણ લાભ લે છે !! ધર્મપત્ની ૭૫ વર્ષના છે. તે પણ આ વૃદ્ધ ઉંમરે ખૂબ સુખી હોવા છતાં બધાની જાતે રસોઇ કરવી વગેરે લાભ ઉલ્લાસથી લે છે !! થોડા વર્ષ પછી તો આ જગુદાદાએ ત્યાં પોતે જ ઘર બનાવી લીધું. જેથી તપસ્વીઓની બધી સગવડતા બરાબર સચવાય. સાધુ સાધ્વીને પણ ત્યાં નિર્દોષ વહોરાવી ત્યાં જ વાપરવાની બધી અનુકૂળતા કરી આપે છે !!

આયંબિલ હોય તેમને તેની પણ રસોઇ કરી આપે છે ! આમની આવી ભાવભક્તિ જોઇ આજુબાજુની અજૈન વાડીવાળા વગેરે જગુદાદાને આગ્રહથી પોતાના ચીકુ વગેરે આપી જાય છે !

હે જૈનો ! તમે પણ યાત્રાળુ, તપસ્વી, નવાણું વાળા વગેરેનો યથાશક્તિ પાલીતાણા અને સર્વત્ર લાભ લેજો અને ક્યારેક જગુદાદાની ભક્તિ પાલિતાણા જાવ ત્યારે સાક્ષાત્ જોઇ ભાવથી અનુમોદના કરજો.

## ૩૬. સાધર્મિકને સાચા ભાઇ રૂપે જોનાર

સાધર્મિક સહાય કરી કર્માદાન વગેરે પાપથી બચાવનારા સુશ્રાવકો આજના પડતા કાળમાં પણ છે ! જિનશાસન આજે પણ ઝળહળતું છે.

ધ્રાંગધ્રાંમાં ધીરુભાઇ શાહ પાસે એક શ્રાવક પોતાની મુશીબતને રડતા કહે છે કે શેઠ સાહેબ ! ૮ દિવસ પહેલાં શેર ખરીદ્યા હતાં. એના ભાવ ગગડી ગયા. ૫ હજારનું વલણ ચુકવવાનું છે. ૧૫૦૦ ચુકવ્યા. હવે કાંઇ બચ્યું નથી. મુસીબતમાં ફસી ગયો છું. પૂરું દેવું નહી ચૂકવાય ત્યાં સુધી ભયંકર માનસિક દુઃખ સહેવું પડશે. ધીરુભાઇ,"પાંચ હજાર ચૂકવી દઉ છું. પણ ફરી આવું થશે ત્યારે શું કરશો?" "આપ જ બતાવો." "શેર સટ્ટાનો નિયમ લઇ લો." તરત જ તેમણે શેઠ સમક્ષ જ નિયમ

લીધો. આમ તે સાધર્મિકને ધીરુભાઇએ દુઃખથી કાયમ માટે બચાવી લીધા.

શક્તિ પ્રમાણે સાધર્મિકની ભક્તિ કરો. અને પ્રભુએ નિષેધેલા આવા અનર્થદંડ વગેરે પાપના ધંધા ત્યજો.

## ૩૭. સાચી ઝંખના ફળી

એ ભાઈની સ્થિતિ સામાન્ય. છતાં દાનનો પ્રેમ ખૂબ. રોજ દાન કરે. વળી રોજ દિલથી પ્રાર્થના કરે કે હે મનોવાંછિતદાતા રોજ લાખ રૂપિયાનું દાન કરવાની શક્તિ આપ ! થોડાક જ વર્ષોમાં એમનો આ મનોરથ ફળ્યો ! આજે એ રોજ લાખનું દાન કરે છે ! હૈયાની વાંછના જરૂર સફળ થાય. તમે પણ આવા આત્મહિતકર મનોરથ સેવો અને સુંદર સાધના કરી શીઘ્ર શિવગતિ મેળવો એ જ શુભાશિષ.

## ૩૮. આપત્તિમાં ધર્મ વધાર્યો!

એક શ્રાવકને ધંધામાં ૪૦ લાખની ખોટ ગઈ. એ મહારાજશ્રીને મળીને કહે કે મારે ધર્મમાં ૪૦ લાખ ખર્ચવા છે. આશ્ચર્યથી સંબંધીએ પૂછતાં તે કહે કે ૮૦ લાખની ખોટ ગઇ હોત તો હું શું કરત? અનિચ્છાએ પણ ૪૦ તો ગયા. તો બીજા ૪૦ જાય તે પહેલાં ધર્મમાં વાપરી લાભ ન લઇ લઉં ! આવા આત્મા પણ પાપોદય આવે ત્યારે વધુ ધન નાશ પામે તે પહેલાં જ ધર્મમાં સદ્‌વ્યય કરી લાભ લઇ લે છે! હે વિવેકી ધર્માત્માઓ! તમે પણ સુખમાં કે દુઃખમાં શક્ય એટલો ધર્મ કરતાં રહો એ જ શુભેચ્છા.

## ૩૯. દાનપ્રેમ

લાભ આપવા એક સુશ્રાવક મહારાજશ્રીને વારંવાર વિનંતી કરે. પણ લાભ ન મળે. એક દિવસ ગદ્‌ગદ્‌ અવાજે પૂછે છે કે લાભ કેમ આપતા નથી ? મહારાજે ખુલાસો કર્યો કે તારા ભાવ તપાસું છું. દિલની ઇચ્છા ન હોય ને લાભ આપું તો તું ધર્મ છોડી

દે. અતિ ગળગળા થઇ ગુરૂજીને એ કહેવા લાગ્યા કે ગુરૂદેવ ! મારો પૈસો બધો પાપમાં જ ખર્ચાય છે. વળી પત્ની, પુત્રો વગેરે મને ખંખેરે છે. સ્વાર્થમાં ધન તો જાય છે. પણ ઉપરથી પાપ બંધાય છે. તેથી મને થાય છે કે ધર્મમાં ખર્ચાય તે જ સફળ છે.માટે મારા કલ્યાણ માટે ઉદારતાથી લાભ આપવા કૃપા કરો! પુણ્યશાળીઓ ! તન-મન-ધનથી યથાશક્તિ કરેલા સત્કાર્યો જ અનેક ભવ સુધી સુખ ને શાંતિ આપે છે. તેથી ઉલ્લાસથી સાત ક્ષેત્રમાં દાન કરો.

## ૪૦. સાધર્મિકભક્તિ

અમદાવાદના હસમુખભાઇ ચુડગર. એક વાર પ.પૂ. પંન્યાસજી પાસે બેઠેલા. ગરીબ જૈનો મદદની આશાથી આવ્યા. પૂ. મહારાજે સો રૂપિયા આપવા ઈશારો કર્યો. તરત ૨૦૦ આપી દીધા. તેઓના ગયા પછી ચુડગર કહે કે સાહેબ ! કાળ ખરાબ છે. ઘણા આવા દુઃખી હશે. આવા જે સાધર્મિકો આવે તેને અપાવજો. પેઢીમાં ૫ હજાર આપુ છું. કેવી ઉદારતા? હે ધર્મપ્રેમી સુશ્રાવકો ! કદાચ કોઇ છેતરી જાય તો પણ દાન ધર્મથી પાછા ન પડતા. શક્ય તપાસ કરી, દુઃખી શ્રાવકોની ભક્તિનો મહાલાભ લેવા સદા તત્પર રહેજો. દરેક શ્રાવક પોતાની આજુબાજુના શ્રાવકોની સંભાળ યથાશક્તિ રાખે તો કોઇ શ્રાવક દુઃખી ન રહે !

## ૪૧. સાધર્મિકભક્તિ

ખંભાતના એક નગરશેઠ. જેટલા જૈન ખંભાત આવે એ બધાને કાયમ ભક્તિથી જમાડે. એમને સમાચાર મળ્યા કે તમારો રસોઇયો ઘી પીરસવામાં કંજૂસાઇ કરે છે. થોડા દિવસે ખંભાત ગયા ત્યારે રસોઇઆને કહ્યું કે ઘણાં ધર્માત્માઓની ભક્તિ તું કરે છે. તને ખૂબ પુણ્ય મળે છે. વગેરે... પછી પ્રેમથી કહ્યું કે ઘીના જેટલા ડબા ખાલી કરશે તેટલા બે-બે રૂપિયા બક્ષીસ આપીશ. ઘી છૂટથી વાપરજે. ઠપકો આપ્યા વિના ઘીની કંજૂસાઇની દૂષણતા

દૂર કરી ! હે ધર્માત્માઓ ! નોકરોને પરિવાર પાસે પણ આમ હોશિયારીથી ધર્મ કરાવવો જોઇએ તથા સાધર્મિકભક્તિની શાસ્ત્રે ખૂબ પ્રશંસા કરી છે. તમે સાધર્મિકભક્તિથી સદ્ગતિ અને શિવગતિ પામો એ જ શુભાશિષ.

## ૪૨. વિશિષ્ટ સાધર્મિકભક્તિ

મુંબઇના કેટલાક ધર્મપ્રેમી ઉદાર શ્રાવકોએ ભેગા મળી **સાધર્મિક ઉત્કર્ષ ટ્રસ્ટ સ્થાપ્યું છે.** તેમાં **૬૦ લાખ રૂપિયા ભેગા કર્યા**. આખા ભારતમાં જૈનોની આર્થિક ચિંતા કાયમ માટે નાશ પામે તે શુભ ભાવથી તેઓ જૈનોને **વિના વ્યાજની ૫ હજારની, ૧૦ હજારની લોન આપે** અને ૫૦ હપ્તા વગેરે સ્કીમથી લોન થોડા વર્ષોમાં ભરપાઇ કરી દેવાની. જૈનોને કદી માંગવું ન પડે અને નાના ધંધા દ્વારા આજીવિકાની ચિંતાથી મુક્ત બની ધર્મ આરાધના કરી શકે એ ઉત્તમ આશયથી **આવા દાનવીરો આવા વિલાસી વાતાવરણમાં પણ સુંદર સાધર્મિકભક્તિ કરી રહ્યા છે તેની ખૂબ અનુમોદના. લગભગ ૯૦૦ જૈનોને આ ટ્રસ્ટ લોન આપે છે.** જૈનોને પગભર થવા જાતે કે આવા ટ્રસ્ટો દ્વારા અનંત હિતકર સાધર્મિકભક્તિનો તમે પણ યથાશક્તિ લાભ લો એ જ શુભાશિષ.

**ભણશાલી ટ્રસ્ટ** મુંબઈમાં સાધર્મિક ભક્તિ, જીવદયા, અનુકંપા, દુકાળરાહત, રેલ રાહત વગેરે અનેક પ્રવૃત્તિઓ વર્ષોથી કરે છે. દીનેશભાઇ, મહેશભાઇ આદિ ધંધો, મોજશોખ છોડી જાતે સુંદર રીતે વ્યવસ્થા કરી ખૂબ અનુમોદનીય સત્કાર્યો કરી રહ્યા છે.

## ૪૩. ધનની સફળતા

આખા દેશમાં પ્રસિદ્ધિ પામેલ શંત્રુજયનો **અભિષેક જે મહાન** આત્માએ કરાવ્યો તે રજનીભાઈ દેવડી ખૂબ ધર્મપ્રેમી હતા. એકવાર એમને શુભ ભાવ જાગ્યો. તે અનુસાર સંકલ્પ કર્યો

કે સધાર્મિક ભક્તિ કરવી. પોતે તપાસ કરી. મધ્યમ વર્ગના ૨૨ **જૈન પરિવારોને સ્વયં ૧-૧ લાખ રૂ. નું ગુપ્તદાન કર્યું !** આવી માતબર છતાં ગુપ્ત ભક્તિ કરનારા આવા હીરલા હડહડતા કલિકાળમાં પણ છે ! ભલે થોડા હોય.

બીજા એક ડીસાવાસીએ છ માસ પહેલાં જ શોધીને એવા ૨૨ પરિવારોને નિમંત્રી આદરથી જમાડી દરેકને ૧। – ૧। લાખનું દાન કર્યું તમારે યથાશક્તિ દાન ધર્મ કરવો છે કે નીચેના કાવ્યને સાચું પાડવું છે ?

કર્મ તને પૂછશે, કોઈનાં આંસુ લૂછ્યા'તા ?
ગેં ગેં ફેં ફેં હેં હેં કરતો, માનવ કહશે શું ? શું ? શું ?

## ૪૪. અજબ ગજબ આરાધના

**A.** હુબલીના ચંપાલાલજી ગાંધીમુથા ધર્મરાગી છે. એક વાર મને જણાવ્યું કે મારે પાંચ હજાર ધર્મમાં વાપરવાનો લાભ લેવો છે! મેં પ.પૂ.આ.ભ. ને પૂછી ૩ સ્થાન જણાવી ભાવના હોય ત્યાં લાભ લઇ શકાય એમ જવાબ આપ્યો. ત્યારે મને લખે કે હું તો અજ્ઞાન છું. કયા ક્ષેત્રમાં આપું એ તમે આજ્ઞા ફરમાવો! કેવા ઉત્તમ સુશ્રાવક? દાનની ભાવના અને તે પણ ગુરુ કહે તે ક્ષેત્રમાં આપવું એ વિવેક! **આવા વિવેકપૂર્વકના દાનથી ઘણું ફળ મળે. તેથી જ્યારે દાન કરવાની ભાવના થાય ત્યારે ગીતાર્થ ગુરૂભગવંતને પૂછી તેમણે કહેલ સ્થાને દાન કરવું.**

**B.** સૌરાષ્ટ્રમાં એક આખો ઉપાશ્રય એક સુશ્રાવકે પોતાના ટ્રસ્ટ તરફથી બંધાવી એ ઉપાશ્રયમાં જોઇતા સાવરણીથી માંડી તમામ ઉપકરણોનો (ચીજવસ્તુઓનો) લાભ પણ મને જ મળવો જોઇએ એમ નક્કી કરાવી લીધું!

**૧૨.** મુંબઇવાસી **માણેકલાલ ચુનીલાલ** દાનવીર તરીકે પ્રખ્યાત હતા. ઉદારતાથી ખૂબ દાન કરે. **અંતે મરતાં પણ એક**

**વિશ્વાસુ આગેવાનને બોલાવી ૩ લાખ રૂપિયા જેવી માતબર રકમનું ધર્મમાં દાન કર્યું!** જીવતાં તો ઘણાં દાન એમણે કરેલા. પણ મરતાં દાન યાદ આવે એ કેવા દાનપ્રેમી?! તમે પણ મહાપ્રભાવી દાન ધર્મ જીવતાં ને મરતાં પણ આરાધો.

## ૪૫. પ્રવચનથી સાધર્મિકો માટે કરોડો

"પૂ. આચાર્યશ્રી ! આપની ભાવના બહુ સારી છે. પરંતુ અત્યારે ઘણા જૈનો ધંધા, નોકરીમાં મુસીબતમાં છે. ઘણાને સંસારમાં જાતજાતના ટેન્શન છે. અને આ અમદાવાદ છે. દશ હજાર રૂ. પણ નહીં થાય. હમણાં સાધર્મિક ભક્તિની યોજના રહેવા દો." પરિચિત સારા શ્રાવકોએ પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ. ને વિનમ્ર વિનંતી કરી. પૂ. શ્રી એ કહ્યું, "પુણ્યશાળી ! તમારી વાત તો સાચી છે. પરંતુ મારા જૈનો ઘણા દુઃખી છે. મારાથી એમના દુઃખ જોવાતા નથી ! આ પ્રેરણા કર્યા વિના હુ રહી નહિ શકું !! ભલે રકમ જે થાય તે. પ્રભુની મરજી."

અને એમણે ગદ્‌ગદ્ હૈયે પ્રવચનમાં જૈનોની આજની ભયંકર બેહાલી, સાધર્મિક ભક્તિની તાતી જરૂરિયાત વગેરે વિષય એમની પોતાની આગવી શૈલીથી વર્ણવી સભાને ભાવવિભોર કરી દીધી !!! ત્યારે જ કરોડોનું ફંડ થઇ ગયું !!! પછી તો કુલ આશરે ૭ કરોડથી વધુ રકમ થઇ !!! અમદાવાદમાં અને મંદીના સમયમાં તથા સાધર્મિક ભક્તિ માટે આટલા ભેગા થાય ? અસંભવ લાગે, પરંતુ હૈયાના સાચા ઉદ્‌ગાર, પ્રબળ પુણ્ય અને વિશિષ્ટ શૈલીથી કેવી અશક્ય બાબતો ક્યારેક બની જાય છે, એનું આ તાજું વર્તમાન દૃષ્ટાંત છે ! સલાહ આપનારા મોંમાં આંગળા નાંખી ગયા !!

આ પ્રસંગનો બોધપાઠ એ છે કે શુભ કાર્યમાં હતાશ ન થવું. ઉત્સાહથી ધર્મકાર્ય જરૂર કરવા. સફળતા મળે પણ ખરી. વળી કોઇ ધર્મી સારા કામ કરવા ઉત્સાહિત હોય તો એ

ઉત્સાહને વધારવો. ક્યારેય ઘટાડવો નહીં. પરિણામ તો કેવળી જુવે તે જ આવશે. ઉપરાંતમાં આવા પરોપકારપ્રિય મહાપુરુષો જે પ્રેરણા કરે તે ધ્યાનથી સાંભળવી અને યથાશક્તિ એનો અમલ કરવાથી ઘણું આત્મહિત થાય ! અને સૌથી મહત્વની વાત ધર્મક્ષેત્રમાં એ છે કે કદાચ સફળતા ન મળે તો પણ શુભ ભાવનાને કારણે આત્મિક લાભો તો ચોક્કસ થાય જ !!!

## ૪૬. માકુભાઈની ઉદારતા

અમદાવાદના ખૂબ શ્રીમંત હતા. એક દિવસ પાંજરાપોળના ટ્રસ્ટીઓએ મળીને વિનંતી કરી, "ભયંકર દુકાળ છે. પશુઓ માટે ખર્ચ ઘણો જ થઇ ગયો છે. પાંજરાપોળને રૂા. ૩૦,૦૦૦ નું દેવું થઇ ગયું છે. ફાળો કરવા નીકળ્યા છીએ. શરૂઆત તમારાથી કરીએ છીએ." ઘણા વર્ષો પહેલાની આ વાત છે. ત્યારે ઘણી સોંઘવારી હતી. છતા ઉદારમનના શ્રેષ્ઠીવર્યે તરત લગ્નની વીંટી આપી દઇ કહ્યું, " જીવદયાનો મને લાભ આપો. આ વીંટી રૂા. ૩૫,૦૦૦ ની છે." ટ્રસ્ટીઓ જૈનની ઉદારતા જોઇ આશ્ચર્યથી આનંદિત થઇ ગયા.

## ૪૭. ગચ્છાધિપતિશ્રીનો કેવો પ્રભાવ ?

**શ્રી ભગવતીજીના જોગ** કરવાનો **સુવર્ણ અવસર** મારા જીવનમાં આવ્યો. પરંતુ છ માસથી ચાલતી તાવ વગેરે માંદગી, અશક્તિ વગેરે કારણે મન થતું ન હતું. પરિચિત ઘણા સાધુ ભગવંતોએ કહ્યું, "ઇચ્છા નહીં હોય તો પણ પરાણે તમને જોગમાં પ્રવેશ કરાવીશું." ઘણાની લાગણી, ભક્તિ હતાં. તેથી હિંમત આવતી, છતાં દવા વગેરેથી પણ તબિયત સુધરી નહીં. તેથી મન પાછું પડતું હતું.

પરમોપકારી, સિદ્ધાંતદિવાકર, વાત્સલ્યમૂર્તિ, ગચ્છાધિપતિ, **પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી**

**મ. સાહેબે** મારી મુશ્કેલીઓ જાણી કહ્યું, ''જોગ કરી લેવા''. મેં વિનંતી કરી, ''૧-૨ વર્ષ પછી કરીશ'' પૂ. શ્રીએ કહ્યું, ''પછી પણ મુશ્કેલીઓની સંભાવના છે. તેથી હમણાં કરી લેવા.'' જ્ઞાન-સંયમનું અમાપ બળ, દીર્ઘદ્રષ્ટિ વગેરેથી વિચારી પૂ. શ્રીએ ઉત્સાહ સીંચ્યો. મેં પણ તહત્તિ કર્યું.

**પૂ. શ્રીના આશીર્વાદ, વાસક્ષેપ આદિના બળે જોગમાં પ્રવેશ કર્યો !** ઘણાં મહાત્માઓ તથા સંસારી સગાઓના આશીર્વાદ, શુભેચ્છા, પ્રાર્થના, જાપ, તપ, લાગણી આદિનું પણ બળ ઉમેરાયું ! અને મુનિ શ્રી યોગીરત્નવિજયજી ની ખૂબ ભક્તિ ભળી. લાંબા જોગ ઘણી સારી રીતે પૂર્ણ થયાં ! જોગના પહેલા જ દિવસે અસ્વસ્થતા આદિ વધુ લાગવાથી પૂ. શ્રીને જોગમાંથી કાઢવાની વિનંતી કરી. તો પણ પૂ. શ્રી એ હિંમત આપી, ''થોડા દિવસ જોગ ચાલુ રાખ. પછી જોઈશું.'' ઇચ્છા સ્વીકારી. પણ પછી ખાસ મુશ્કેલી ન આવી. ધાર્યા કરતાં ઘણા સારા થઇ ગયા !

**ટૂંકમાં, મારા સ્વાનુભવે સાધકોને મારે ખાસ કહેવું છે કે કલિકાળમાં પણ તપસ્વીઓ, સંયમીઓ, જ્ઞાનીઓ વગેરેનો પ્રભાવ અચિંત્ય છે જ !!** તપની અને શારીરિક અશક્તિ વગેરે કારણે શ્રી ભગવતીજીના લાંબા જોગ ક્યારેય થવાની મને આશા ન હતી. છતાં સંયમીઓના આશીર્વાદ વગેરેના પ્રભાવથી ખરેખર ખૂબ સુંદર થઈ ગયા ! **હે ભવ્યો ! તમે પણ સંયમ-પ્રાપ્તિ, વિશિષ્ટ તપ આદિ શુભ સાધના કઠિન લાગે તો પણ** તપસ્વી વગેરેના આશિર્વાદ, મંત્ર, જાપ વગેરેની શુભ સહાય મેળવી ભાવભરી પ્રભુભક્તિ, મનની પવિત્રાતા આદિ આરાધનાપૂર્વક યા હોમ કરીને પડો. ફત્તેહ છે આગે.

**ભાગ-૪ સંપૂર્ણ**